સુખી થવાનો સંદેશો.

પ્રગટકર્તા,

વૈદ્ય હરિશંકર લાભારામ દ્વિવેદી.

શારીરિક સંપત્તિના અમૂલ્ય ભંડાર રૂપ

"સુખી થવાનો સંદેશો."

પ્રકટ કર્તા.

વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી.

સંગ્રહણી (ઝાડાના રોગ), મુવારોગ અને

ધાતુક્ષયના ખાસ વૈદ્ય.

દોશીવાડાની પોળ—અમદાવાદ.

મુંબાઇ

ભુલેશ્વરના તળાવ સામે-ત્રીજા ભોઈવાડાને નાકે.

પ્રત ૧૦૦૦૦ આવૃત્તિ પહેલી.

સંવત ૧૯૭૩ સને ૧૯૧૭

અડધા આનાની પોસ્ટની ટીકીટ મોકલનારને આ ચોપડી મફત મોકલી આપીશું.

અનુક્રમણિકા.

અમદાવાદ–પાનકોરના નાકે આવેલા ધી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી.

ધંધાની કારકીર્દી.

મુંબાઇમાં નવું ઠેકાણું.

અમારી દવાશાળાનું બદલેલું મકાન.

ભુલેશ્વરના તળાવ સામે ત્રીજા ભોઇવાડાને નાકે.

સંગ્રહણી (ઝાડા) સુવારોગ અને ધાતુક્ષયના જુદા જુદા કોમના સંખ્યાબંધ દરદીઓના મહાન ભયંકર વ્યાધિઓ મટાડવાથી આખા **મુંબાઇ ઇલાકામાં** તે રોગોના **સ્પેશ્યલિસ્ટ** તરીકે અમો પ્રસિદ્ધ છીએ. અમારૂં મુંબાઇમાં બે વર્ષથી માધવબાગ સામે ચંદાવાડીમાં દવાખાનું હતું, પણ દિન પ્રતિદિન દરદીઓની ગીરદી વધી જવાથી તેઓના સુખ સગવડની ખાતર અમોએ **મુંબાઇમાં ભુલેશ્વરના તળાવ સામે ત્રીજા ભોઇવાડાને નાકે** જાહેર રસ્તા ઉપર મકાન બદલ્યું છે માટે હવેથી તે ઠેકાણે મળવું.

વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી.

સંગ્રહણી (ઝાડા) સુવારોગ અને ધાતુક્ષયના ખાસ વૈદ્ય.

મુંબાઇ-ભુલેશ્વરના તળાવ સામે ત્રીજા ભોઇવાડાને નાકે.

દર રવિવારે અને સોમવારે સવારના ૯ થી ૧૨ અને સાંજના ૪ થી ૮ વાગ્યા સુધી મેળાપ થશે.
ત્યારબાદ અમદાવાદમાં મેળાપ થશે.

પત્રવહેવાર નીચેના શિરનામેજ કરવો.
દેશીવાડાની પોળ-**અમદાવાદ.**

આખા મુંબાઈ ઈલાકામાં સંખ્યાબંધ દરદીઓના

મહાન્ ભયંકર રોગો મટાડી નામના મેળવનાર



વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી.

સંગ્રહણી (ઝાડાનોરોગ), સુવારોગ અને ધાતુક્ષયના ખાસ વૈદ્ય.

પ્રસ્તાવના.

વીસમી સદીના પૂર્વાર્દ્ધમાં હિંદુસ્તાનની ઉન્નતિ અનેક માર્ગે થવાની અપેક્ષા રાખવામાં આવે છે, તેમાં સાહિત્ય, વિજ્ઞાન અને વ્યાપારનાં ક્ષેત્રોમાં **રવીન્દ્રનાથ ટાગોર, ત્રિભુવનદાસ ગજ્જર, મી. જમસેદજી તાતા** વિગેરે વીર પુરૂષોદ્વારા પ્રારંભ પણ થઇ ચૂક્યો છે, છતાં **ચરક** અને **સુશ્રુત** જેવા વિશ્વમાન્ય મહર્ષિઓના હાથથી સ્થાપવામાં આવેલું આયુર્વેદનું અતિ ઉપયોગિ ક્ષેત્ર હજુ સુધી કેવળ ઉપેક્ષાજ ભોગવે છે, તે જોઇ આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

મનુષ્યજાતિનાં શારીરિક તથા માનસિક દુઃખોના નિવારણાર્થે સુધરેલી દુનિઆમાં અનેક શોધખોળ તથા નવીન પ્રયત્નો થઇ રહેલા છે, પણ ખાસ એક અગત્યની દિશામાં પ્રયાણ કરવા અગર કરાવવાને કોઇ સમર્થ વ્યક્તિ અથવા યોગ્ય મંડળો બહાર પડશે નહિ, ત્યાંસુધી ઉપર કહેલાં સંકટોથી આર્યાવર્તની પ્રજા સહેલાઇથી મુક્ત થઇ શકશે નહિ.

આ દિશા તે પ્રાચીન આયુર્વેદની શોધખોળ તથા પુનરૂદ્ધારની છે, અને અર્વાચીન પાશ્ચાત્ય પદ્ધતિને મુકાબલે તેની શ્રેષ્ટતા નીચેનાં કારણોથી સાબિત થાય છેઃ—

[૧] આયુર્વેદનો અતિ પ્રાચીન ગ્રંથ ચરક સંહિતા જે આજથી ઓછામાં ઓછો ૬૦૦૦ વર્ષ પહેલાં અથર્વવેદના સમયમાં લખાયેલો છે, તેમાં જણાવ્યા પ્રમાણે તે વખતે પણ "વૈદ્યોનાં

અનેક શાસ્ત્રો પ્રસરતાં હતાં." તે ઉપરથી આપણી પદ્ધતિ કેટલી બધી જુની છે, તેની પ્રતીતિ થાય છે.

[૨] આવી દીર્ઘકાળથી ચાલુ પદ્ધતિમાં દેશ, કાળ, અને પ્રકૃતિને અનુસાર કેટલો બધો કીંમતી અનુભવ સમાયેલો હોવો જોઇએ તે વિષે વિચાર કરતાં તેને વ્યર્થ ફેંકી દેવો તે ઇષ્ટ નથી એમ ખાત્રી થાય છે.

[૩] કુદરતના નિયમ પ્રમાણે રોગોની ચિકિત્સા આબોહવા વગેરે આસપાસની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને કરવામાં આવે તોજ તે ફતેહમંદ નીવડે છે; વળી અહિં ઉગેલી વનસ્પતિથીજ આપણાં શરીર વૃદ્ધિ પામેલાં હોવાથી તે આપણાં શરીરનાં પરમાણુઓને વિશેષ માફક આવે છે.

[૪] હિંદુસ્તાન ઉત્તમોત્તમ ઔષધીઓનું એક એવું જબરૂં સંગ્રહસ્થાન છે કે બિલકુલ નજીવી કીંમતે ઘણીક ઉમદા દવાઓ બની શકે છે, તો પછી દારૂવાળાં વિદેશી ટિંકચરો પાછળ મોટી રકમો શા માટે ખરચવી જોઇએ ?

[૫] જોકે હાલનું પાશ્ચાત્ય વૈદક ઘણુંજ આગળ વધી ગયું છે, અને તેના શારીર તથા શસ્ત્રવિદ્યા વિગેરે વિષયોને આપણે છોડી દીધેલા હોવાથી લગભગ નવા જેવા ગણી શકાય તેમ છે, છતાં એટલું તો નિર્વિવાદ છે કે હિંદુસ્તાનના બ્રાહ્મણો પાસેથી બગદાદના ખલીફાએ આપણી વિદ્યાનો પોતાના દેશમાં પ્રચાર કર્યો, ત્યાંથી યાહુદી પ્રજાએ તેનું ગ્રહણ કર્યું, અને તેમની મારફત ફ્રેંચ, જર્મન, અંગ્રેજ વિગેરે યુરોપીય પ્રજાઓ

આ વિદ્યા શીખેલ છે, માટે ગમે તેટલું રૂપ બદલવા છતાં મૂળ તો સંસ્કૃત આયુર્વેદજ છે, ત્યારે તેનો બિલકુલ ત્યાગ કરવો, અને મૂળને પોષવાને બદલે શાખાઓ મારફત વૃક્ષની વૃદ્ધિ કરવી તે વાત સયુક્તિક નથી.

[૬] સ્પિરીટવાળી દવાઓની મદદવડે એકદમ રોગને થોડો વખત દાબી દેવાથી તરત ફાયદો જણાય છે, પણ છેવટે શરીરનું કૌવત તદ્દન ભસ્મીભૂત થતું જણાય છે, તે વાત સર્વના જાણવામાં છે. તમામ અંગ્રેજી પ્રવાહી દવાઓમાં દારૂ આવતો હોવાથી નબળા દરદીઓ–ખાસ કરીને સ્ત્રીઓ–ઉપર ઉલટી ખરાબ અસર થાય છે. [જુઓ મહારાજા ગાયકવાડ સરકારના **ડાકટર સુમન્તરાવ મહેતા** કૃત આયુર્વેદ વિષે નિબંધ પાનું ૩૩]

[૭] સિકંદર બાદશાહનું લશ્કર આજથી ૨૩૦૦ વર્ષ ઉપર પંજાબમાં આવતાં ઘણાક અસાધ્ય સર્પદંશથી જ્યારે તેના યુનાની હકીમો તદ્દન નાઉમેદ થઇ ગયા, ત્યારે દેશી વૈદ્યોની મદદ લેવાથી ઘણાક સિપાઇઓ મરણના મુખમાંથી બચ્યા હતા, અને આવા વિદ્વાન વૈદ્યોને સિકંદર બાદશાહે પોતાની પાસે રાખી લીધા, એમ **એરિઅન** નામનો ગ્રીક ઇતિહાસકર્ત્તા લખે છે.

[૮] **સંસ્કૃત પ્રોફેસર વેબર** લખે છે કે યુનાનીઓએ સુશ્રુતના મતને ગ્રહણ કરેલ છે, એવાં ઘણાં પ્રમાણ હાથ લાગે છે.

[૯] હિંદુસ્તાનના વિદ્વાન વૈદ્યો જેમ આગળ ભયંકર રોગો મટાડતા, તેવી રીતે હાલમાં પણ ઘણી વખત ડાકટરોએ અસાધ્ય જણાવી દીધેલા રોગીઓને વિદ્વાન વૈદ્યો સાજા કરે છે તેવા દાખલા વારંવાર બનતા સૌના જાણવામાં છે.

[૧૦] જોખમ ભરેલી કાપકૂપ કર્યા વગર કેટલાંક દરદો, જેવાં કે જ-

જોદર, ભગંદર, અર્શ, હાડગંભીર, નાસુર, ઉપદંશ [ચાંદી] બદ, કંઠમાળ [ગળાની ગાંઠો], ગંડમાળ, નાડીવ્રણ વગેરે દેશી ઉપચારથી સારાં થઇ શકે છે.

૧૧] કેટલાંએક આંખનાં દરદો, જેવાં કે ઝામરવા, ફુલાં વિગેરે પાશ્ચાત્ય ઉપચારોથી લોકોને કેટલીક વખત હેરાન થવું પડે છે, જ્યારે પૌર્વાત્ય પદ્ધતિમાં તેને માટે એવા સારા ઉપાયો છે, કે તેવા દરદીઓને જલદી આરામ થઇ શકે છે.

આવી રીતે આપણી પરંપરાથી ચાલતી આવેલી પદ્ધતિ ઘણી જ ઉત્તમ હોવાથી તેને અંગ્રેજી વૈદ્યકની પેઠે ખીલવવાની તથા ઉત્તેજન આપી તેમાં શોધખોળ કરાવવાની બહુ જરૂર છે. આપણા પૂર્વજોએ અથાક શ્રમ લઈ હજારો વર્ષનું સંગ્રહ કરેલું જ્ઞાન માત્ર આપણી અશ્રદ્ધાથી અથવા બેદરકારીથી હમેશને માટે આ જગતમાંથી લય પામે, તો તેમાં એકલા ભારતવાસીઓનેજ નહીં, પણ આખી દુનિયાને જબરૂં નુકસાન છે, માટે સરકાર તરફથી અથવા હિંદની પ્રજા તરફથી જ્યાંલગી મુંબાઈની **ગ્રાન્ટ મેડિકલ કોલેજ**ના જેવી અથવા બેંગલોરમાં આવેલી **તાતા રીસર્ચ ઇન્સ્ટીટયૂટ** જેવી સંસ્થાઓ આયુર્વેદની ખીલવણી માટે નહિ થાય, ત્યાં સુધી આ ગુપ્ત રહેલી વિદ્યા ખરેખરા પ્રકાશમાં આવી શકશે નહીં. પરંતુ તેમ થવાને માટે **બીજો તાતા** નીકળતાં સુધી નિરાશ થઇને બેસી રહેવું તે સમજુ મનુષ્યોનો ધર્મ નથી, પણ યથાશક્તિ સ્વલ્પ પણ પ્રયાસ કરી આ ક્ષણભંગુર જગતમાં કંઇક પણ જનસેવા કરવી એવા હેતુથી અમોએ **અમદાવાદ** અને **મુંબાઇ**માં ધી **નેટીવ ચેમ્બર ઓફ મેડિસિન** નામની સંસ્થા

સ્થાપી છે, અને ખુદ આ શહેરો અને તેની આસપાસનાં નાનાં અને મોટાં ગામડાંઓમાં એકંદરે આખા મુંબઇ ઇલાકામાં છેલ્લાં ૧૦-૧૨ વર્ષ થયાં અમોએ જાહેર પ્રજાની સમક્ષ આયુર્વેદની ઉન્નતિ અર્થે તેના મહાન્ સિદ્ધાંતોને ખરા સ્વરૂપમાં પ્રકાશિત કરી સ્વાર્થ જોડે યથાશક્તિ પરમાર્થ સાધવા પ્રયત્ન આરંભ્યો છે. મહાકવિ **શ્રી ભર્તૃહરિએ** કહ્યું છે કે "જેઓ સ્વાર્થને બિલકુલ તજી દઇને કેવળ પરમાર્થ કરે છે, તેઓને મહાપુરૂષો સમજવા; જ્યારે સામાન્ય પુરૂષો સ્વાર્થ જોડે યથાશક્તિ પરમાર્થ સાધવામાં તત્પર રહે છે; પરંતુ જેઓ સ્વાર્થને માટે પારકાનું હિત બગાડે છે, તેઓને મનુષ્યરૂપે રાક્ષસો સમજવા, અને જેઓ નિરર્થક બીજાનું બુરૂં કરે છે તેઓને શું નામ આપવું તે અમોને સુજતું પણ નથી."

યુરોપ અમેરિકાના ડાકટરો જેમ પોતાની ખંત અને પ્રતિભાવડે નવી નવી શોધખોળ ચલાવતા રહે છે, તેવીજ રીતે આપણા દેશી વૈદકમાં થાય એવા હેતુથી અમોએ આ સંસ્થા સ્થાપી છે, અને છેલ્લાં પાંચ વર્ષ થયાં '**સંગ્રહણીનો ખાસ ઇલાજ**' શાસ્ત્રીય રીતે શોધી કહાડવાથી અમોને આ કાર્યમાં અતિશય ફત્તેહ મળી ચૂકી છે. મોટા મોટા ડાકટરો અને વૈદ્યો પાસેથી નાસીપાસ થઇ છેવટે આશા મૂકી દીધેલી, એવા મનુષ્યોને અમારી ઉપચ્ચારની પદ્ધતિથી કેટલો ફાયદો થયો છે તે તેમનાં સર્ટિફિકેટોજ કહી આપશે, માટે તે વિષે આ સ્થળે વિશેષ વિવેચન કરવાની જરૂર નથી. સદરહુ સર્ટિફીકેટો લખી આપનારા ગૃહસ્થોને જાતે રૂબરૂમાં મળી વાતચીત કરવાથી તમોને ઘણું અજાએબ જેવું લાગશે, કે મુંબાઇના નામાંકિત ડાકટરો જેઓ વાતચીત કરવાની ફીના રૂ. ૧૫-૨૦ લેછે, તેઓ પાસેથી પણ થાકીને આવેલા અને જેમણે

હજારો રૂપિયા ખર્ચી નાંખેલા છતાં આરામ નહિ થએલો અને કેટલાએકને પગે સોજા ચડી ગએલા, શરીરમાંથી લોહી જતું રહેવાથી સુકા હાડપિંજર જેવા બની ગએલા, એવા દરદીઓને કેવી અજબ રીતે અમારા હાથથી આરામ થએલો છે; માટે કેટલાએક પારકી બુદ્ધિથી ચાલનારા સુધરેલા જમાનાના લોકોએ આ ઉપરથી ધડો લેવાનો છે કે પાશ્ચાત્ય સાયન્સ હજુ કાંઇ પૂર્ણ સ્થિતિએ પહોંચ્યું નથી; અને હિંદુસ્તાનમાં અસલ જ્યાં વૈદ્યોની કોંગ્રેસો ભરાતી [જુઓ ચરક સંહિતા], ત્યાં તો કાંઇ સાયન્સ છેજ નહીં એવું માની પોતાના અધુરા જ્ઞાનનો ઘમંડ રાખનારાઓને અને દેશી દવાઓનાં નામથી પણ જેમને સૂગ આવે છે, તેવા લોકોનાં કુટુંબો અગર ઇષ્ટ મિત્રોમાં ઘણાએક ખેદકારક સંગ્રહણીના તથા બીજા અસાધ્ય મરણાંત કેસો બની ગયા છે, કેમકે તેઓ દેશી શોધખોળને અવકાશજ આપતા નથી. (ઇ. સ. ના ૧૩ મા સૈકા સુધી હિંદુઓ તથા બૌદ્ધો તેમના વખતની કોઇપણ યુરોપીય પ્રજા કરતાં સાયન્સમાં કેટલા આગળ વધ્યા હતા, તેને માટે જુઓ ડૉ. **પ્રફુલ્લચંદ્ર રોયનું હિંદુ રસાયન શાસ્ત્ર**.)

સમજુ મનુષ્યો તો પ્રથમથીજ જાણે છે કે દરેક મનુષ્યની પ્રકૃતિ એકસરખી હોતી નથી, તેવો કુદરતનો નિયમ છે, અને પેટન્ટ દવાઓનો હેતુજ આ નિયમથી વિરૂદ્ધ છે, કેમકે પ્રકૃતિ, દેશ, કાળ વિગેરેનો વિચાર કર્યા વગર એકજ જાતની દવાથી તમામ મનુષ્યોને ફાયદો થઇ શકે તે દેખીતુંજ અસંભવિત અને ન્યાયથી વિરૂદ્ધ છે.

માટે અમોએ ઉંડા વિચારપૂર્વક અને શોધખોળની પદ્ધતિસર જે કામનો બોજો ઉઠાવ્યો છે તેમાં તમામ બાબતો ન્યાયપુરઃસર અને

શાસ્ત્રના ધોરણ પ્રમાણે છે, અને તેમાં કોઇપણ જાતની જાહેરખબરીઆ ધૂર્તતા અગર દરદીઓને ભોગે સ્વાર્થ સાધવાનો અંશ પણ નથી.

છેવટે સુજ્ઞ અને કેળવાએલા વર્ગોને અમારી વિનતિ છે કે માત્ર હેન્ડબિલોથી આ દુનિયા ઝુકાતી નથી, પણ ખરૂં કામ કરી બતાવવાથી-જ વિશ્વાસપાત્ર થઇ શકાય છે. જૂઠા વાક્ચાતુર્યથી કદાચ લોકો ઘડીભર છેતરાશે, પણ આખરે કાચ તે કાચ અને હીરો તે હીરો, માટે દરેક ધંધામાં ફત્તેહ મેળવવા ઇચ્છતા ભાઇઓને પણ અમો સલાહ આપીએ છીએ કે " બોલવું " તેના કરતાં " કરી બતાવવું " તે ઉત્તમ છે. દુનિયાના કેટલાએક મહાન કાર્યવાહકો અને ધુરંધર પુરૂષો બોલે છે થોડું, પણ કરી બતાવે છે ઘણું. માટે અમો પણ એ સૂત્રને અવલંબીને અહિંજ વિરમીએ છીએ.

'સુખી થવાનો સંદેશો.'

આ જગતમાં રાજાથી રંક સુધી તમામ મનુષ્યો, તેમજ પશુ, પંખી વિગેરે અન્ય પ્રાણી પણ સૌ સુખી થવા ઇચ્છા રાખે છે. જે લોકો આ દુનિયામાં મોટાં મોટાં કષ્ટ વેઠીને મહાભારત પ્રયાસ કર્યાં કરે છે તે પણ કોઇ સુખને અર્થેજ હોય છે. તેમાં જે ડાહ્યા અને વિદ્વાન પુરૂષો હોય છે તેઓ પોતાના તેમજ બીજાઓના સુખનો વિચાર કરે છે પણ ટુંકી નજરના માણસો માત્ર પોતાનાજ સુખ તરફ નજર દોડાવે છે; પછી તે મેળવવામાં ભલે બીજાઓને ગમે તેટલી હાનિ થતી હોય તેનો વિચાર કરતા નથી. વળી સમજુ પુરૂષો હમેશાં ભવિષ્યના લાંબા સુખને ઇચ્છે છે. પણ ટુંક બુદ્ધિવાળા ઘડીભરના સુખને માટે હમેશને માટે પીડા વ્હોરી લે છે. આ બધી બાબતોના સાચા અને સુંદર દાખલા આગળ આપવામાં આવશે.

પહેલું સુખ તે જાતે નર્યા.

જો કે સુખ દુઃખનો ખરો આધાર પોતાના મનની માન્યતા ઉપર રહેલો છે, (**मनएव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः**) એવું વિદ્વાનોનું કહેવું છે, પણ સામાન્ય દ્રષ્ટિથી જોતાં તો તમામ સુખોનું મૂળ **શરીરની તંદુરસ્તી** છે. કેમકે તન્દુરસ્ત શરીર વગર સ્વાદિષ્ટ ભોજનો ઝેર જેવાં લાગે છે, સુંદર વસ્ત્રો સર્પની કાંચળી જેવાં થઇ પડે છે, સુગંધી પદાર્થો દુર્ગંધિ લાગે છે, ભવ્ય મહેલો સ્મશાન સરખા ભાસે છે, મનોહર બગીચાઓ દાવાનળ જેવા જણાય છે, અને આખી દુનિયાનું રાજ્ય પણ લેશ માત્ર આનંદ આપવાને બદલે ઘોર નરક જેવું અસહ્ય થઇ પડે છે. માટેજ આપણી ચોપડીઓમાં લખ્યું છે જે **"પહેલું સુખ તે જાતે નર્યા."** તેથી દરેક જ્ઞાની પુરૂષની ફરજ છે કે પોતાના શરીરને નિરોગી રાખવાનો પ્રયત્ન પહેલાં કરવો, અને બીજાં તમામ કાર્યો તેનાથી ઉતરતાં ગણવાં.

અમારો હેતુ.

હજારો વર્ષ પહેલાં આયુર્વેદને રચનાર વિદ્વાન ઋષિઓએ પોતાનાં બધાં પુસ્તકોમાં પ્રથમ એજ બતાવ્યું છે કે વ્યાધિ થયા પછી તેના ઉપાયો કરવા તેના કરતાં વ્યાધિ નજ થાય તેવા ઉપાયો પ્રથમ યોજવા એ વધારે ડહાપણ ભરેલું છે (Prevention is better than cure.) આ ઉપાયોને તેઓએ **'સ્વસ્થ રક્ષણ વિધિ'** એવું નામ આપેલું છે. અને વૈદ્ય તથા ડાક્ટર એ શબ્દોનો મૂળ અર્થ કરીએ, તો વિદ્યા ઉપરથી વૈદ્ય શબ્દ, માટે જાણનાર જ્ઞાની પુરૂષ એજ વૈદ્ય, અને ડાક્ટર શબ્દ તે ફારસી દસ્તૂર (સંસ્કૃત—દેષ્ટૃ—ઉપદેષ્ટૃ) પરથી થયેલો છે એટલે બીજાઓને ઉપદેશ આપવાની શક્તિ ધરાવતો હોય અને **તેવી ફરજ**

બજાવતો હોય તેજ ડાક્ટર કહેવાય અને આવાજ બહોળા અર્થમાં તેશબ્દ હજુ પણ વપરાય છે, જેમકે ડૉક્ટર ઑવ ફિલૉસૉફી, ડૉક્ટર ઑવ લૉ, ડૉક્ટર ઑવ ડિવિનિટિ (દાર્શનિક; કાયદામાં પારંગત; ધર્મ જ્ઞાનમાં નિપુણ, ઇત્યાદિ); માટે આ ઉપરથી સમજવાનું છે કે થએલા રોગને મટાડવો તેટલામાંજ કાંઇ વૈદ્યડાકટરોની ઇતિકર્તવ્યતા આવી જતી નથી, પણ રોગ શી રીતે થવા નજ પામે તેનો વારંવાર ઉપદેશ કરવો જોઇએ. આવા કર્તવ્યને અનુસરીનેજ સુખી થવાને માટે સદરહુ પુસ્તક લખવામાં આવ્યું છે.

હવા.

દરેક મનુષ્યને શુદ્ધ હવા, શુદ્ધ પાણી, શુદ્ધ ખોરાક, કસરત અને સ્વચ્છ વસ્ત્રોની જરૂર છે. તે બાબતમાં સૌથી વધારે અગત્ય શુદ્ધ હવાની છે. ઘણા લોકો શિયાળામાં રાત્રે માથે કપડું ઓઢીને સુઇ જાય છે, તે ઘણું નુકસાનકારક છે. બધાં બારી બારણાં બંધ કરીને ઘરમાં સળગતા-કોયલા, લાકડાં, દીવો વિગેરે રાખવાથી ઘણી વેળા બહુ નુકસાન થાય છે. થોડા વખત ઉપર ઇન્દોરમાં એવો દાખલો બન્યો હતો—મીઠાઇનો ધંધો કરનાર ત્રણ બ્રાહ્મણો માવો વિગેરે બનાવતાં મોડું થઇ જવાથી દુકાનનાં બારણાં બંધ હતાં છતાં કોયલા હોલવ્યા વિના ઉંઘી ગયા. સવારે આઠ નવ વાગ્યા પણ દુકાન બંધ હતી તે જોઇને પાડોશીઓએ બુમરાણ મચાવી દુકાનો ખોલી ત્યારે ત્રણે ઠંડા ગાર મરેલા માલુમ પડયા. તેમાંથી એકના જ્ઞાતિ ભાઇઓ લોકોનું કહેવું નહિ સાંભળતાં તરત તેને સ્મશાને લઇ ગયા, ને મરેલો જાણી બાળી દીધો. પણ બીજા બેને લોકોના બહુ આગ્રહથી ઇસ્પિતાલે લઇ જવામાં આવ્યા, ત્યાં ચાર છ કલાક સુધી ડાક્ટરોએ જુદી જુદી રીતે તેમનો બંધ

પડી ગએલો શ્વાસ પાછો ચલાવવા મહેનત કરી, ને છેવટે તે બન્ને જીવતા થયા. આથી કરીને પહેલાનાં સગાં વહાલાંઓને કેટલો પશ્ચાત્તાપ થયો હશે તેનો ખ્યાલ કરવો મુસ્કેલ નથી. ગુજરાત જેવા સપાટ પ્રદેશના લોકો કરતાં કાઠીઆવાડના તેમજ દક્ષિણના લોકોનું લોહી વધારે લાલ અને શુદ્ધ હોવાથી તેઓ વધારે મજબુત હોયછે, તેમજ હિમાલય તરફના પહાડી લોકો, પંજાબી લોકો, અને કાબુલ તરફના અફઘાન લોકો વિગેરે પહોળી છાતીવાળા હોવાનું કારણ પણ તેજ છે. શહેરના કરતાં ગામડાંના લોકો વધારે તન્દુરસ્ત હોય છે, તે પણ શુદ્ધ હવાનાજ પ્રતાપ છે. ઘણાં મોટાં શહેરોની અંદર ગટરો અને જાજરૂમાંથી નીકળતી ઝેરી હવા પ્રાણહારક થઇ પડે છે. અને મકાનની આસપાસ માંસાહારી લોકોએ જાનવરનાં હાડકાં અને પીછાં ફેંકી દીધેલાં હોય છે તે કોહીને દુર્ગંધ મારે છે, ને ઝેરી હવા પેદા કરી જંતુઓ ફેલાય છે, સવારમાં ઉઠીને જ્યારે આપણા પૂર્વજો પહાડ, નદીઓ, અને સુંદર બાગ બગીચા નિહાળતા, ત્યારે હાલમાં મોટાં શહેરોમાં પ્રભાતમાં ઉઠીને બહાર જોઇએ તો ગંદાં જાજરૂઓ અને કચરાના ઢગલા નજરે પડે છે. ગામડામાં પણ ઘણા લોકો ઘરની બહુજ નજીક છાણ, ખાતર, કચરા વિગેરેના ઢગલા કરે છે તે જેમ બને તેમ દૂર રાખવા જોઇએ. ટુંકામાં કહેવાની મતલબ એ છે કે જેમ બને તેમ તમારાં ઘર અંદરથી અને બહારથી સાફ રાખો, અને પુષ્કળ શુદ્ધ હવા ઘરમાં આવવા દો, તથા તમો પોતે પણ દિવસમાં કલાક બે કલાક ખુલ્લી હવામાં બહાર ફરવા જવાની ટેવ રાખો. મિલના કામદારોને સાંજ ઉનાળામાં પણ ગરમ હવાની અંદર જ્યાં રૂનાં બારીક રજકણો હોય છે ત્યાં બંધ હવામાં કામ કરવાનું હોવાથી તેઓનાં શરીર તવાઇ જાય છે અને ક્ષય અથવા બીજા ઘણા ભયંકર જીવલેણ રોગો લાગુ પડે છે.

બીજી બધી ચીજો કરતાં માણસને શુદ્ધ હવાની વિશેષ જરૂર હોવાથી ઇશ્વરે તે જન્મતાં સાથેજ પુષ્કળ પ્રમાણમાં આપેલી છે અને લોકોમાં કહેવાય છે કે " **હવાના પૈસા બેસતા નથી** " પણ ખરૂં પૂછો તો મોટાં શહેરોમાં તમારાં બાળકોને ચોવીસે કલાક સ્વચ્છ હવામાં શ્વાસ લેવો હોય તો તે કાર્ય ઘણુંજ મોંઘું થઇ પડ્યું છે. પાંચ દશ કે પંદર રૂપિયા મહિને ભાડું આપનાર એક મધ્યમ વર્ગનો માણસ મુંબાઇ જેવા શહેરમાં પોતાના કુટુંબ માટે સ્વચ્છ હવા કે અજવાળાની કશી પણ સંતોષકારક વ્યવસ્થા કરી શકતો નથી. ગુજરાત, કચ્છ, કાઠીયાવાડની સુંદર હવામાં ઉછરેલા યુવાનો જ્યારે ધંધા અર્થે મુંબઈ જાય છે ત્યારે ખરેખર તેઓની અને ખાસ કરીને તેઓના બાળબચ્ચાંની દશા કરૂણાજનક થઇ પડે છે. જેવી રીતે અંધારામાં ઉગેલો છોડ ધોળો ફૂણી જેવો થઇ જાય છે તેવી રીતે અંધારી કોટડીમાં દિવસ ગુજારનાર કુટુંબો ફિક્કાં, નિસ્તેજ અને નિરૂત્સાહી બની જાય છે. એવા પણ દાખલા અમારા જાણવામાં આવ્યા છે કે દર મહિને જે ગૃહસ્થ ૧૫૦ રૂપિઆ જેટલું ભાડું ખરચે છે તેનાં છોકરાંને પણ ઉપર રહેવું પડતું હોવાથી રમવાનું ખુલ્લું આંગણું (કંપાઉન્ડ) મળતું નથી, તો પછી સાધારણ ગરીબ વર્ગની તો વાતજ શી પુછવી ! અંગ્રેજીમાં કહેવત છે કે "**જે ઘરમાં હવા અને અજવાળું પ્રવેશ કરી શકતાં નથી તેમાં અવશ્ય ડાકટરનો પ્રવેશ થાય છે.**" નિરૂપાયે જે લોકોને આવે સ્થળે જીંદગી ગુજારવી પડે છે તેમણે ઘર ભાડે લેતી વખતે આસપાસની ગંદકી અગર સ્વચ્છતા, જાજરૂની સફાઇ, કદાચ ઘરમાં આગ લાગે તો નાશી છુટવા માટેની સીડીઓ વિગેરેની સગવડ, હવા તથા પ્રકાશને માટે પુષ્કળ બારી બારણાં વિગેરે બાબતો ધ્યાનમાં રાખવી. હાલમાં શહેર સુધારણા અર્થે યૂરોપથી સરકારે ખાસ બોલાવેલ **પ્રોફેસર ગેડિસે** મુંબઇના મિલ

મજુરોનાં ઘરો જોતાં કહ્યું હતું કે '**જેમ માલ ભરવાની વખારો હોય છે તેમ આ ઘર નથી પણ માણસો ભરવાની વખારો છે!**' પ્રભુ આપણને એવી વખારોથી દૂર રાખે!

પાણી.

હવાથી બીજે નંબરે પાણી છે. સ્થિર પાણીના કરતાં વહેતું પાણી વધારે સ્વચ્છ હોય છે. ઉંડા કૂવાઓનાં પાણી છીછરા કૂવાઓ કરતાં વધારે હલકાં અને સાફ હોય છે. નળનાં પાણી બંધેજ હોવાથી ભારે હોય છે, તેમજ વખતે કોઇ જગોએ ફાટ થાય છે તો ગંદું પાણી આવવાનો સંભવ છે. પણ એકંદરે જોતાં નળનું પાણી જો કુદરતી ઝરણનો ચાલુ પ્રવાહ કાયમ આવતો હોય અને શહેરથી ઉંચી જગોપરથી આવતું હોય અને તેને ગાળવાને માટે જો સારો બંદોબસ્ત હોય, તો તે પાણી વધારે સ્વચ્છ હોય છે. કોલેરાના સૂક્ષ્મ જંતુઓ પાણી અથવા ખોરાક મારફત શરીરમાં દાખલ થાય છે એ વાત નિર્વિવાદ છે, માટે પાણીને ગરમ કરી ગાળીને પછી ઠંડું કરી પીવામાં આવે તો ઘણું સારૂં. આર્ય વૈદકનો આ નિયમ હજુ પણ જૈનસાધુઓમાં પ્રચલિત છે તે ઘણું ખુશી થવાજેવું છે. ખરાબ પાણીથી ઘણી જાતના રોગ જેવાકે વાળો (નારૂ) ખસ, બંધકોશ, ચામડીનાં દરદો, રાફી, હાથે પગે રસ ઉતરવો, વધરાવળ, બરોળ વિગેરે પેદા થાય છે. ટાંકાનું પાણી બનતાં લગી નજ પીવું એ ડહાપણ ભરેલું છે. જે દેશનું પાણી ખરાબ અને અસ્વચ્છ હોય છે ત્યાંની પ્રજા નિર્બળ ને રોગી હોય છે.

ખોરાક.

હવે જીંદગીની જરૂરીઆતોમાં ત્રીજે નંબરે સ્વચ્છ અને સાદો ખોરાક છે. આ બાબત વિષે જેટલું કહીએ તેટલું ઓછું છે. દુનિયામાં

જે જે રોગો થાય છે તેમાંના ઘણા ખરા ખાવા પીવામાં આપણી પોતાનીજ ભૂલવડે થાય છે. પ્રાણ ધારણ કરવા માટેજ ખોરાક છે તે મૂળ વાત ભૂલી જઇને ઘણા લોકો એમજ સમજે છે કે ખાવા માટેજ આ જીંદગી છે. થોડું ખાવાથી કોઇકજ માણસો માંદા પડે છે, પણ તેથી સોગણા મનુષ્યો વધારે ખાવાથી માંદા પડતા હશે. નાતોમાં જમણમાં લોકો અકરાંતીઆ થઇ બેહદ ખાય છે, તહેવારોની અંદર હદ ઉપરાંત મિષ્ટાન્ન જમવામાં આવે છે, જમણ વીતી ગયા પછી ઘરનાં માણસો બાકી વધેલી મીઠાઇ–સુખડી વિગેરે ઘણા દિવસ લગી ખાધા કરે છે અને તેમાંથી ઘણા પ્રકારના રોગ ઉદ્ભવે છે. અમદાવાદમાં એક ઘાંચીને ત્યાં વરો ગયા પછી તેણે છ મહિના સુધી બાકી વધેલી સુખડી ખાધા તેથી તેને ભયંકર મધુ પ્રમેહનો (મીઠી પેસાબનો) વ્યાધિ થયો હતો. વળી ખાવાના શોખીલા શ્રીમંતો કેમ જાણે પોતાની મોટાઇ બધી ખાવાપીવામાંજ આવી જતી હોય તેમ ઘણી જાતનાં શાક, રાયતાં, ચટણીઓ, ભજીઆં વિગેરે ખારાં-ખાટાં–તીખાં ભોજનો કરાવી યોગ્ય સાદા ખોરાકને બદલે આવી ચીજો-થીજ પેટ ભરે છે; તેથી અગ્નિ મંદ થઇ જાય છે, પવનનો ખુલાસો થતો નથી અને શરીરમાં રોગનાં બીજ રોપાય છે.

ઘણા માણસો ધંધાર્થે પરદેશ જાય છે ત્યારે વીશીઓમાં હોટેલોમાં, અગર કાચું કોરૂં, ભજીઆં, ગાંઠીઆ, લાડુ વિગેરે ખાઇ પોતાનું શરીર ખરાબ કરે છે. વીશી–હોટેલોવાળા અને હલવાઇઓ–મીઠાઇવાળા ખરાબ સડેલો ઉતરતા પ્રકારનો ખોરાક, ઘીને બદલે તેલ અથવા સેળભેળ કરેલાં ઘી વિગેરે વાપરવાનાજ. વળી કેટલાએક યુવાનો આઇસક્રીમ જેવા ઠંડા પદાર્થો ખાઇને પુરૂષત્વ ગુમાવી બેસે છે. તેમજ [illegible]

नपुंसकाः सर्वे (બધી જાતના ક્ષારો પુરૂષત્વને નુકસાન કર્તા છે.) સોડા વિગેરે ક્ષાર પણ ચાલુ લેવાથી શરીરને નુકશાન કરે છે. આવી રીતે અતિ ખારાં, ખાટાં, તીખાં, અને ગરમાગરમ ભોજનો ખાવાથી ઘણો ગેરફાયદો થાય છે.

ચા.

ચા પીવાનો રિવાજ છેલ્લાં પચાસેક વર્ષ થયાં દાખલ થયો છે; ઉપર ઉપરથી જોતાં તેને એક નિર્દોષ વિનોદ માનવાને કાંઇ હરકત નથી, પણ બારીક વિચાર કરી જોતાં માલુમ પડે છે કે તે રીત આપણા દેશમાં વધારે નુકસાનકારક છે: ચાહ, કૉફી, કોકો જેવાં ગરમ પીણાં-નો રિવાજ યુરોપમાં તો સર્વત્ર પ્રસરી રહેલા દારૂના એક નમ્ર પ્રતિ-નિધિ તરીકે દાખલ થયેલો હોવાથી ઇષ્ટ હતો. તેમજ તે લોકો ગરમ પાણીમાં ચાનો આપણી પેઠે સખત ઉકાળો અથવા ક્વાથ કરી નાંખતા નથી અને વળી ચાની જોડે બીસ્કીટ ખાય છે. આપણે ત્યાં એકલો ચા પીવાય છે તેથી આંતરડાં ફુલી જાય છે, પાચનશક્તિ મંદ પડી જાય છે અને નસો ઢીલી પડી જાય છે, અને ચાની આદત પડી ગયા પછી દસ્તની હાજત ચાને આધીન બની જાય છે. કેટલાકને તો તેટલા માટે બબે વખત ચા લેવો પડે છે. વળી કેટલાક વિદ્યાર્થીઓ રાત્રે ઉંઘ ન આવે તેવા હેતુથી ચા પીને મગજના તંતુઓને ખરાબ કરે છે. આવા લોકોનાં આંતરડાં પોતાનું કુદરતી કાર્ય બજાવવા અશ-ક્ત થઇ જાય છે, તેથી વારંવાર દસ્તને માટે પીચકારી (Enema) લેવાની ફરજ પડે છે. માટે તમારે ખરેખર જગતમાં સુખી થવું હોય તો જેમ બને તેમ આ બુરી આદતને જીતો. વળી સ્ટેશનો ઉપર ચા વેચનારા પોતાની પાસે માત્ર પાણીની એક બાલટી–ડોલ રાખે છે, તેમાં ગમે તેવા રોગવાળા મનુષ્યોએ પીધેલાં રકાબી પ્યાલા જરા બોળીને ધુવે છે, તે નજરો નજર જોઇને ખાત્રી કરશો તો તમને

પોતાનેજ કંપારી છુટશે. આ પીનાર માબાપનાં છોકરાં પણ નાનપણથી તે બુરી આદતના ભોગ થઇ પડે છે, અને તેમની નાજુક હોજરી ઉપર થતી વિનાશકારી અસરની તો માત્ર કલ્પનાજ થઇ શકે તેમ છે.

બુરાં વ્યસનો.

વળી આવા પ્રકારનું દુર્વ્યસન બીડી–સીગારેટ પીવાનું છે. ઘણા લોકો તો જાણે મોંમાં સીગારેટ રાખવાથી સાહેબ બની જવાતું હોય તેમ ગમે તે વખતે, ગમે તે સ્થળે અને ગમે તેવા કાર્યમાં તેનો ઉપયોગ કરવાને ચુકતા નથી. ઘણાએક જુવાનીઆ દેખાદેખીથી આવા નઠારા છંદમાં ફસી પડે છે, તો કેટલાએક શોખના માર્યા લપટાઇ જાય છે. જુવાન માણસોને તમાકુ અને બીડી ઘણીજ નુકસાનકારક છે. તે નબળાઇ વધારે છે, અને મંદાગ્નિ ઉત્પન્ન કરે છે. આવી રીતે તમાકુ સુંઘવી એ પણ બુરૂં વ્યસન છે. તેમજ હુક્કા તથા ચલમ વિષે સમજવું.

અફીણ, ગાંજો, ભાંગ, ચરસ, કોકેન આ સઘળી બુરી ચીજોથી જેમ બને તેમ દૂર રહેવું તે સુખી થવાનો ઉત્તમ રસ્તો છે. જેઓ તેમાં ફસી પડ્યા હોય તેમણે પણ જેમ બને તેમ મનને કબજામાં રાખી તે દુષ્ટ ચીજોની ગુલામગીરીમાંથી છુટવાને પ્રયત્ન કરવો.

દારૂ.

હવે સૌથી બુરૂં અને ભયંકર વ્યસન દારૂ–શરાબનું છે અને તે ધીમે ધીમે આ દેશમાં ઘર ઘાલતું જાય છે. આને વિષે પુસ્તકોનાં પુસ્તકો લખીએ તો પણ તે થોડુંજ છે. મુસલમાન ધર્મમાં દારૂ પીવાની સખ્ત મનાઇ કરેલી છે. બાબર બાદશાહ જ્યારે ફત્તેહપુર સીક્રીના

જંગમાં ખરેખરી સાંકડમાં આવી પડયો ત્યારે તેણે દારૂ નહિ પીવાની પ્રતિજ્ઞા લીધેલી કહેવાય છે. તેમ હાલના મહાઘોર યુરોપીય દાવાનળમાં પણ બધાં મિત્ર રાજ્યોએ દારૂનો યથાશકિત નિષેધ કર્યો છે. રૂશિયાએ વોડકા નામનો દારૂ બંધ કરીને અબજો રૂપિયાની વાર્ષિક આવક જતી કરી છે. ઈંગ્લાંડમાં પણ ખુદ શહેનશાહથી આરંભીને સાધારણ વર્ગ પર્યન્ત દારૂ ત્યજી દેવાના સોગન લેવાયા છે, એજ બધું દારૂની નિરર્થકતા સાબિત કરવાને બસ છે. દારૂ પીનારનું અકલ્યાણ થાય છે એવું દુનિયાના સઘળા ધર્મો પોકારીને કહે છે. દારૂ પીનારાઓને હાથે ચોરી, બાળહત્યા, સ્ત્રી હત્યા, અને આત્મ હત્યા વિગેરે ભયંકર ગુન્હા બને છે. પાશ્ચાત્ય દેશોમાં દંપતી વચ્ચે કલહ જેને પરિણામે હજારો પવિત્ર લગ્નના સંબંધ છુટા છેડા વડે રદ થાય છે, તે સર્વ આ લતનેજ આભારી છે, એમ ત્યાંના મોટા મોટા ડાહ્યા ન્યાયાધીશોનું કહેવું છે.

સને ૧૯૧૯ ના ઑકટોમ્બર માસમાં અમદાવાદમાં મળેલી મદ્ય નિષેધક પરિષદના પ્રમુખ **લોકમાન્ય ગોકળદાસ કહાનદાસ પારેખે** જણાવ્યું હતું કે છેલાં દશ વર્ષમાં સરકારને આબકારી ખાતાની ઉપજ એક કરોડ ચુમાલીશ લાખમાંથી વધીને બે કરોડ ને વીસ લાખ થઈ છે. એટલે ૭૬ લાખ રૂપિઆ વધ્યા છે. એટલે બીજા શબ્દોમાં લોકો દસ વરસ પહેલાં પીતા, તેથી ૭૬ લાખ રૂપિઆ જેના કરના બેસે છે તેટલો દારૂ દર સાલ વધારે પીવા મંડયા છે. દારૂથી નીચે લખેલી ખરાબ અસરો થાય છે.

૧ દારૂથી પાચન શકતી નબળી પડે છે અને ઘડપણ વહેલું આવી જીંદગી ટુંકી થાય છે.

૨ કાળજા (લિવર) ઉપર ઘણી ખરાબ અસર થાય છે. પૂરતો પિત્તનો જથ્થો ઉત્પન્ન થતો બંધ પડે છે અને તેથી અપચો તથા બંધકોશ થાય છે તેથી ઉદરના વ્યાધિ ઉત્પન્ન થઇ જલોદર જેવો ભયંકર વ્યાધિ પેદા થાય છે.

૩ મૂત્રાશય બગાડે છે અને પરિણામે સંધિવા, મગજનું ખાલી પડવું, મંદાગ્નિ, ઉલટી વિગેરે અપચાનાં ચિન્હો જણાય છે.

૪ ચેપી રોગોની સામે ટક્કર ઝીલનારાં લોહીની અંદર જે શ્વેત પરમાણુઓ છે તે કમી થઇ જાય છે, તેમજ જ્ઞાનતંતુઓ નબળા થઇ જાય છે.

૫ દારૂથી હૃદય ઘણુંજ નબળું પડી જાય છે અને એકાએક બંધ પડવાનો સંભવ રહે છે.

૬ દારૂથી વિચારશક્તિ, તર્કશક્તિ, ન્યાયશક્તિ બહેર મારી જાય છે, તેથી ઘણા માણસો કલહ પ્રિય (કજીઆખોર) બને છે અને વિષયાંધ થઇ જાય છે.

૭ દિવાનાપણું ભયંકર રીતે વધે છે. ૧૮૮૧–૮૫ સુધીમાં ફ્રાન્સમાં ૫૧૦૦૦ ગાંડા થયા તેમાંથી ૭૧ ટકા એટલે પોણા ભાગથી વધુ સંખ્યા દારૂને લીધે હતી.

૮ આત્મઘાતને ઉત્તેજન મળે છે.

૯ અનેક મહાન ભયંકર રોગો જન્મ પામે છે.

૧૦ અનેક સુખી કુટુંબોનું સત્યાનાશ વળે છે.

ઠંડી અગર શરદીથી બચવાને માટે દારૂની જરૂર છે એવી માન્યતા તદ્દન ભૂલ ભરેલી છે. કારણકે કેનેડાનાં વિસ્તીર્ણ જંગલોમાં ત્યાંના જંગલી લોકો જ્યારે શિયાળાની ઋતુમાં ઇમારતી લાકડાં કાપવા

જાય છે ત્યારે તેમને જો કોઇ દારૂ આપે તો તેઓ ફેંકી દે છે, કેમકે તેઓ સમજે છે કે જો એવી ઠંડી ઋતુમાં દારૂ પીશું તો અવશ્ય મરી જઇશું. પછી જ્યારે તેઓ તે લાકડાંને નદી મારફતે સેંકડો ગાઉ સુધી વહેતાં મુકી દે છે, અને રેલને રસ્તે પોતાના મુકામે જઇ પહોંચે છે ત્યારેજ દારૂ પીવા માંડે છે. વળી ઇંદોરની કોલેજના **પ્રોફેસર સ્કોફીલ્ડે** આ દાખલો જાતિ અનુભવનો જણાવ્યો હતો કે, નાયગરાના ભયાનક ધોધથી જ્યારે લગભગ ત્રણ માઇલ ઉપર (જ્યાંથી આગળ વધવું તે સાક્ષાત્ મૃત્યુજ છે) તે અને તેમના બે મિત્રો મછવો હંકારતા હતા, ત્યારે તેમને લાગ્યું કે પ્રવાહનો વેગ વધતો જાય છે માટે મછવો છોડી દઇને ત્રણે નદીમાં કુદી પડયા અને મહા મહેનતે બરફ જેવા ઠંડા પાણીમાં તરીને સામે પાર નીકળ્યા. ઠંડી એટલી બધી હતી કે ઝાડને બાથ ભરી વળગી રહ્યા અને પવનનો દરેક સપાટો જાણે છરીથી શરીરને ચીરતો હોય તેવો ભયંકર લાગતો. પછી વીશીમાં જઇને પેલા બે જણે તો ખુબ દારૂ પીધો અને તાપ્યા, તથા ખાધું, પણ મી. સ્કોફીલ્ડે તો માત્ર તાપ અને ખાવા સિવાય બીજું કશું લીધું નહિ, તેને પરિણામે પેલા બે માણસો આઠ દિવસ લગી સાજા થયા નહિ, જ્યારે મી. સ્કોફીલ્ડ બીજેજ દિવસે સ્ફુરતીમાં આવી ગયા, માટે શરૂઆતમાં થોડીવાર દારૂથી ગરમાવો જણાય છે, પણ પાછળથી પ્રત્યાઘાત (reaction) ને લીધે અંગે અંગ ઢીલાં પડી જઇ સુસ્તીમાં બેહદ વધારો થાય છે. અને તેથી કમતાકાત થઇ અનેક રોગો ઉત્પન્ન થાય છે.

દારૂમાં કોઇ પ્રકારનો વૈદકીય ગુણ નથી એમ હવે ડાકટરો સમજવા લાગ્યા છે, અને લંડન હૉસ્પિટાલમાં ૫૦ વર્ષ પહેલાં જેટલો દારૂ

અપાતો, તેનો હવે માત્ર આઠમો ભાગ વપરાય છે, અને તેને બદલે દૂધ દાખલ કરવામાં આવ્યું છે. ઘણાકોનું એમ માનવું છે કે થોડો થોડો લેવાથી કાંઇ હરકત નથી પણ **સર વિલિઅમ ગલ, સર હેનરી ટોમસન વિગેરે સુપ્રસિદ્ધ ડાકટરોનો ચોક્કસ અભિપ્રાય છે** વિગેરે સુપ્રસિદ્ધ ડાકટરોનો ચોક્કસ અભિપ્રાય છે કે થોડો થોડો લેવાથી જે ઝેરી અસર થાય છે તે વિશેષ ભયંકર છે અને તમામ જાતના શારીરિક તથા માનસિક રોગોનું મૂળ છે.

માંસાહાર.

માંસનો ખોરાક લેવાથી ઘણી જાતના રોગો થાય છે. દરિયા કાંઠની વસ્તીમાં અને મુસલમાનોના કેટલાક ગરીબ વર્ગોમાં માછલાના અતિશય ખોરાકથી વાતરક્ત (ગળત કોઢ-પત) નો રોગ થતો જોવામાં આવે છે. ક્ષયવાળાં અથવા બીજા રોગથી પીડાતાં ઢોરનાં માંસને સુગંધી મસાલા ભરી વેચવામાં આવે છે, તેથી ત્રાસદાયક વ્યાધિઓ જન્મ પામે છે. થોડાં વર્ષ પહેલાં **ન્યુ યોર્ક શહેરમાં** આવું ભોપાળું પ્રગટ થયું હતું અને ત્યાંથી સુંદર આકર્ષક લેબલો વડે પેકીંગ કરવામાં આવતાં માંસનાં લાખો પારસલો ઉપર યુરોપ અને આસ્ટ્રેલીઆના લોકો મજબુત રીતે વહેમાઇ ગયા હતા. વરસો વરસ મોટાં શહેરોમાં સુધારા ખાતા તરફથી સડેલું માંસ પકડાઇ જતાં તેને બાળી દેવામાં આવે છે. પણ આવી ચોકસી બધે સ્થળે બનતી નથી. વળી રોગી જાનવરના માંસને ઓળખી કાઢવું મુસ્કેલ છે. કેટલીક વાર તેવાં માંસ ખાધા પછી ઝાડો ફિલટી થઇ આવે છે તે પરથી જાણવું જે નઠારૂં માંસ ખાધામાં આવ્યું હશે. ડાકટર **ટેલર કહે છે કે 'સડેલું માંસ સોંઘું મળવાથી** ઘણા **ગરીબ માણસો તે ખાઇને માંદા પડે** છે.' ડાકટર **ત્રિભોવનદાસ** લખે છે કે, **'માંસને લીધે "ટ્રીકાઇના"**

નામનું દરદ પેદા થાય છે. આના જંતુઓનાં ઇંડાં ડુક્કરના માંસમાંથી માણસના પેટમાં ગયા પછી તે આખા શરીરમાં ફેલાઈ જાય છે. ચપટા કરમ-**ક્રિમિ** (ટેપવર્મ) નો આજાર પણ માંસાહારીને થતો જોવામાં આવે છે. કેટલીક જાતની માછલી અને બીજા દરીઆઈ જીવ ખાવાથી ઝાડો, ઉલટી થાય છે, અને કોઇ વાર મૃત્યુ થાય છે. શીળસ, ચરબી ને પગે રસ, ખરજ, અને બીજા ચામડીના રોગ પણ તેથી થાય છે. વળી માંસ ભારે હોવાથી પચાવવું મુશ્કેલ પડે છે, અને કઠોળ જેવાં પૌષ્ટિક ધાન્યો કરતાં તેમાં માત્ર ⅓ (ત્રીજા ભાગ) નુંજ સત્વ હોય છે એટલે અચ્છેર કઠોર વડે જે પોષણ મળે તેટલું મેળવવા સારૂ દોઢ શેર માંસ ખાવું પડે છે, તેથી હોજરીને નકામો વધારે શ્રમ પડે છે, અને માંસથી યુરિક એસિડ જેવાં ઝેરી તત્વો ઉત્પન્ન થાય છે તે તો જુદું; બદામમાં પૌષ્ટિક તત્વ સોમાં બાણું ટકા છે, ખારેકમાં છોતેર ટકા છે, વાલ, વટાણા, અડદ, તુવેર, વિગેરે કઠોળના નામથી ઓળખાતાં ધાન્યોમાં, પચાસ-સાઠ ટકા સત્વ હોય છે, જ્યારે ઈંડાં, માંસ, માછલી વિગેરેમાં માત્ર વીસ પચીસ ટકાજ હોય છે.

આ બધા સ્વાર્થ-દૃષ્ટિના વિચારોને ઘડીભર એક બાજુએ મુકીને બીજાં પ્રાણીઓનાં સુખ દુઃખની દૃષ્ટિથી પણ જરા વિચાર કરવો ઘટે છે. કારણ કે આપણે મનુષ્યો છીએ, અને બીજાં પ્રાણીઓને હલકાં ગણીને પોતાને ઉંચા વર્ગના માનવાનું અભિમાન ધરાવીએ છીએ. જો આપણે બીજાં પ્રાણીઓ કરતાં ઉંચા છીએ, તો આપણા મનને પણ ઉંચા પ્રકારનું બનાવવું જોઇએ, અને જંગલી પશુઓની માફક પેટ ભરવા માટે આપણે બીજાં નિરાધાર, મુંગાં પ્રાણીઓનો જીવ લેવો જોઇએ નહિ. આપણી ભૂખ મટાડવા માટે પરમેશ્વરે માંસથી

ઉત્તમ પ્રકારની હજારો ચીજો બનાવી છે, તો પછી તેવી ઉત્તમ ચીજો છોડી દઈને આપણા જેવીજ સુખ દુઃખની લાગણીવાળાં નિર્દોષ જાનવરોને ત્રાસદાયક રીતે મારી તેનાં કમકમાટી ઉપજાવે તેવાં મળ મૂત્ર અને ઝેરી પદાર્થોથી ભરેલાં લોહી, માંસ ખાવાં, એ ક્યાંનો સુધારો અને ક્યાંનો ન્યાય ? આજ કાલના સુધારાઓની અંદર આપણને જુના જંગલી રિવાજો છોડી દેવાનો ઉપદેશ વારંવાર કરવામાં આવે છે, તો માંસ ખાવાનો રિવાજ કેવળ જંગલી દશામાં પ્રાપ્ત થયેલો જુનામાં જુનો છે, તો તેને શા માટે તજી દેવો નહિ ? જે વખતે મનુષ્યો જંગલમાં રહેતા હશે, ખેતીનું જ્ઞાન બિલકુલ નહિ હોય, અને ધર્મનાં તથા નીતિનાં તત્વો જરા પણ સમજતાં શીખ્યા નહિ હશે, તે વખતે જે કોઈ પશુ પક્ષી હાથમાં આવી જાય, તેને પકડીને મારી ખાઈ જવાનો રિવાજ હશે, તે આપણે આટલા બધા સુધર્યા પછી પણ છોડી શકતા નથી એ કેટલો બધો સ્વાર્થ, કેવી ટુંકી દ્રષ્ટિ, અને કેટલી અધમતાનું ચિન્હ છે ?

વળી ઘણાક માંસાહારી ભાઈઓને ખબર નહિ હોય કે કેવી ભયંકર રીતે (મુંબાઈમાં) વાંદરા જેવા કતલખાનામાં પશુઓનો વધ થાય છે, માટે જો એક વખત તેઓ નજરે નજર તે દેખાવ જોવા જાય તો અમોને ખાત્રી છે, કે તે દયાળુ ભાઈઓ અગર બહેનોના મનમાં એટલી બધી કમ કમાટી છુટશે કે તેઓ તેજ વખતે જીંદગીમાં ફરીથી કદી માંસ નહિ ખાવાના સોગન લેશે. આવી રીતે ઘણા દાખલા બનેલા અમારા જાણવામાં છે.

માંસાહારી ભાઈઓના ભલા માટે અમો તો વૈદકીય દ્રષ્ટિથી કહીએ છીએ કે માંસમાં અનેક રોગોનાં બીજ હોવા ઉપરાંત પાણીના

ભાગ વિશેષ હોવાથી પૂરતું પોષણ મળતું નથી, અને તેથી ક્રમતાકાતમાં વધારો થાય છે; જે પદાર્થો સ્વભાવથી, રસથી, વીર્યથી કે વિપાકથી વિરુદ્ધ હોય તેવા પદાર્થો એક સાથે ખોરાકમાં લેવાથી જાત જાતના રોગો થાય છે, જેવા કે નપુંસકતા, અંધતા, રતવા, પાંડુરોગ સંગ્રહણી, કોઢ, શોષ, રક્તપિત્ત, જ્વર વિગેરે. માછલાં સાથે સાકર કે ગોળ, મધ સાથે મૂળા, દુધ સાથે મૂળા, કેળાં સાથે દુધ, દહીં, કે છાશ, મધ, દુધ, ગોળ, કઠોળ કે અડદની સાથે માંસ ખાવું નહિ, દુધની સાથે મીઠું, ખાટાં ફળ, દહીં, તેલ, મધ, જાંબુ વિગેરે ઝેર સમાન છે. ફણસની જોડે દુધ, દહીં અડદ, મધ કે ઘી ખાવું નહિ. જે જાનવરો આખો દિવસ જંગલમાં ચરવા જતાં હોય તેમનું દુધ સાંજે હલકું ને અગ્નિદીપન કરનારૂં હોય છે, પણ રાત્રે ઘરમાં બાંધ્યાં રહે છે, તેથી સવારે પચવામાં ભારે હોય છે. મુંબાઇની મોટી મોટી ડેરીઓમાં રાત દિવસ ગાયો, ભેંસો બાંધેલી રહે છે તેમનું દુધ ભારે હોય છે.

નિયમિત ખોરાક.

જ્યાંસુધી બરોબર પચ્યું ન હોય ત્યાં સુધી જમવું નહી, અથવા હલકો ખોરાક દાળ ભાત વિગેરે માત્ર લેવો. તેમજ બહુ ભૂખ્યા રહી સખત પરિશ્રમ કરવો નહિ, ને તડકામાં જવું નહિ. એક કારકુન પોતાનો ઉપરી અમલદાર બદલી ઉપર જતો હતો, તેનો સામાન વિગેરે રેલવેપર મોકલવાની કડાકુટમાં સવારથી તે સાંજના પાંચ વાગતાં સુધી જમ્યો નહિ, ને સાંજે આવીને ખાધું. તેથી તેજ રાત્રિમાં કોલેરાથી મરી ગયો. કોઇ એક સ્થળે મેળો ભરાવાનો હતો, તેની ધામધુમમાં મેટ્રિકનો એક છોકરો બપોરના ત્રણ વાગ્યા સુધી જમેલ

નહિ અને ઘેર આવીને પાણી પીધું ને તરતજ મરી ગયો. આવા અનેક દાખલા બનેલા છે. માટે જેમ બને તેમ બહુ ખાવું નહિ, તેમ બહુ ભૂખ્યા પણ રહેવું નહિ. મુસાફરી દરમ્યાન ઘણાક શ્રદ્ધાળુ લોકો બહુ ભૂખ્યા રહેવાથી માંદા પડી જાય છે. હમેશાં નિયમિત વખતે જમવું તે શરીરને ઘણું ફાયદાકારક છે. સાહેબ લોકોમાં આ રિવાજ ઘણો વખાણવા જેવો છે. મિષ્ટાન્ન ને ભારે પદાર્થો જમવાની શક્તિ કરતાં ઓછા લેવા જોઇએ, પણ આપણે તો આવા પદાર્થોથી પેટ ઠાંસી ઠાંસીને ભરીએ છીએ તેથી તહેવારો વીત્યા પછી બે ત્રણ દિવસ સુધી અપચો કે આફરો રહે છે. ખાસ કરીને શીળી સાતમ ઉપર ઘીની કે તેલની પૂરીઓ (થેપલાં) મણમણનાં બનાવવાનો રિવાજ ગામડાંઓમાં છે, અને પાછળથી સ્ત્રીઓ અને બાળકો મહિનાભર તે ખાધા કરે છે, જેને પરિણામે તેઓ અનેક વ્યાધિના ભોગ થઇ પડે છે.

કસરત.

હવે આ પ્રમાણે આપણે ખોરાક સંબંધી વિચાર કર્યા પછી વ્યાયામ–કસરત–અંગ મહેનત વિષે વિચાર કરવાની જરૂર છે. જેટલો ખોરાક ખવાય તેના પ્રમાણમાં કામ ન હોય તો માત્ર ચરબી વધે છે અને તંદુરસ્તી બગડે છે. વપરાયા વગરનું વાસણ જેમ કાટથી ખવાઇ જાય છે, તેમ કસરત વગરના શરીરમાં મેલ એકઠો થાય છે, તેના સાંધા અને સ્નાયુ અકડાઇ જાય છે, ને રોગ દાખલ થાય છે. જે લોકોને પોતાના પેટને અર્થે મહેનત કરવી પડે છે, તેમને તો આપો આપ કસરત થઇ જાય છે. પણ જેમને માત્ર વાંચવા, લખવાનું અગર બેશી રહેવાનું હોય છે, જેવા કે વિદ્યાર્થીઓ, મહેતાજીઓ, કારકુનો,

વકીલો, ન્યાયાધીશો વિગેરે બેઠાં બેઠાં ધંધો કરનારાઓને અંગ કસરતની ખાસ જરૂર છે. તેથી કરીને ભૂખ સારી લાગે છે, પાચનક્રિયા બરોબર થાય છે, અને બંધકોશ (Constipation)ની ફરિયાદ મટી જાયછે. શરીરની કસરત વડે મગજ પણ ચંચળ થાય છે, કેમકે તેને સારૂં અને ચોખ્ખું લોહી પોષણ માટે મળેછે. તેથી ઉલટું કસરત વિનાનું શરીર નિર્બળ, રોગી, અને નિસ્તેજ લાગેછે. આપણા દેશમાં અગાઉ ઘણી દેશી રમતો રમાતી અને અખાડાનો ઉપયોગ પુષ્કળ થતો. હાલમાં કમનસીબે તે બંધ પડયો છે, અને વિદેશી ખરચાળ રમતો દાખલ થઇ છે, પણ તેનો લાભ માત્ર થોડાજ લોકો ઉઠાવી શકે છે. માટે દરેક માણસને કાંઇ ને કાંઇ કસરત મળે તેવી યોજના થવી જોઇએ. બીજી કાંઇ પણ કસરત જેમનાથી ન બની શકે તેમણે સવારે કે સાંજરે કલાક બે કલાક ગમે તેમ કરીને પણ ઘરની બહાર નીકળી જઇ ખુલ્લા મેદાનમાં કે જંગલમાં ફરવા જવું. વિદ્યાર્થીઓએ આ બાબત ખાસ લક્ષમાં લેવી ઘટે છે. આ બાબતમાં હાલની સ્ત્રીઓની ખાસ દુર્દશા છે. અમદાવાદ મુંબાઇ વિગેરે મોટા શહેરોમાં પાણીના નળ દાખલ થયા, એટલે તેમને પાણી ભરવાનું બંધ થયું છે, નહિતો માથાં ઉપર પાણીનું બેડું (હેલ) ઉંચકી પાણી ભરવાથી ફેફસાં (Lungs) ને એટલી બધી મજબુતી મળે છે, કે તે સ્ત્રીઓને કદી પણ જીંદગીભરમાં ક્ષયના રોગ થતા નથી. માટે આપણા શહેરોમાં નળ દાખલ થયા છતાં પણ શ્રીમંતોની પુત્રીઓ જેમને વારંવાર ક્ષય લાગુ પડે છે તેમણે નાનપણથીજ આ કસરત કરવી ઘટે છે. વળી આવી રીતે પાણી ભરવાની ટેવથી ચાલવાની ગતિ ઘણી મનોહર થાય છે, જેને સંસ્કૃત કવિઓએ વખાણી છે. ઉપરની બંને હકીકતો વિલાયતમાં **"સુવર્ણ યુગ સમાજ"** નામના મંડળ તરફથી બે વિદ્વાન એમ. ડી. થએલા ડાકટરોએ જાહેર કરી

છે. વળી સુતરની અને આટાની મિલો થવાથી ગરીબ અને મધ્યમ વર્ગની સ્ત્રીઓને માટે સુતર કાંતવાનું તથા દળણું દળવાનું કામ પણ બંધ થઇ ગયું છે. તેમજ દૂર આવેલાં મંદિરો સૂધી દેવ દર્શન નિમિત્તે ખુલ્લી હવામાં ફરી આવી કસરત મેળવવાનું સાધન પણ આજ કાલના સુધારાના બળે નષ્ટ થયું છે, અને તેની જગો બહાર ફરવા જવા જેટલી સ્વતંત્રતાથી હજુ સુધી તો પુરાઇ શકે તેમ લાગતું નથી.

ગામડામાં અને નાનાં શહેરોમાં છોકરાંઓ માટે રમવા, કુદવા, રાસડા લેવા, વિગેરેને માટે પુરતી જગ્યાઓ હોય છે, પણ મોટાં શહેરોમાં બિચારાં બાળકોને તેટલું પણ સાધન મળતું નથી, કે જ્યાં તેઓ કલાક અડધો કલાક દોડે, કુદે અને આનંદ પામે. નિશાળોનાં આંગણાં (કંપાઉન્ડ) ખૂબ મોટાં હોવાં જોઇએ, અને કન્યાશાળાની મોટી છોકરીઓ બહારના પ્રેક્ષકોથી ક્ષોભ પામી રમતી અચકાઇ જાય નહિ, તેટલા માટે ચોતરફ ઉંચી દિવાલ જોઇએ, એવો **એક હિંદુ એમ. એ. થયેલાં ઇન્સ્પેક્ટ્રેસ બાનુનો અભિપ્રાય** છે. કસરત વિષે સમાપ્તિ કરતાં એટલું જણાવવું જરૂરનું છે કે અત્યંત પરિશ્રમ લાગે તેટલી કસરત કરવી નહિ, પણ માપસર કરવી, તેમજ ભૂખ્યે પેટ અથવા જમીને તરતજ કસરત કરવી નહિ.

નિદ્રા–ઉંઘ.

સારી કસરત વડે નિદ્રા પણ જલદી અને પૂરતી આવે છે. દરેક માણસને હવા, પાણી અને ખોરાકની જેટલી જરૂર છે, તેટલીજ નિદ્રાની પણ જરૂર છે. આખા દિવસના પરિશ્રમથી કંટાળી ગએલા શરીરને તથા મનને તેનાથી નિવૃત્તિ મળે છે. સારી નિદ્રાથી શરીરની

અંદરના તમામ ધાતુઓ સરખા થાય છે, શરીર પુષ્ટ અને બળવાન થાય છે, તથા શુક્રની વૃદ્ધિ થાય છે. નિયમસર અને પૂરતી ઉંઘ લેનારે માણસ લાંબી જીંદગી ભોગવી શકે છે. નિદ્રાથી શરીર તાજું અને બીજા શ્રમને માટે લાયક થાય છે.

પાકી નિદ્રા એ એક કુદરતની મોટામાં મોટી બક્ષિસ છે, અને જીંદગીનો અવશ્ય ભાગ છે. ઉંઘ નહિ આવે તો માણસ થોડા રોજમાં દિવાનો થઇ મરણ પામે છે. ઘણીવાર દરદની વેદનાથી ઉંઘ આવતી નથી, તેમજ વિરહી મનુષ્યને પણ બને છે, માટે ઉંઘતી વેળા તમામ નકામી જંજાળ છોડી દઇ શાંત અને સ્વસ્થ ચિત્તથી પરમેશ્વરને સંભારવા. જે લોકો પોતાના મનને એકદમ વિચારમુક્ત કરી શકે છે, અને જેમનું ઇચ્છાબળ સુદૃઢ હોય છે, તેઓને શય્યામાં પડતાંજ ઉંઘ આવી શકે છે. નેપોલિયનનો દાખલો અપાય છે કે તે પોતાના મનોબળ વડે એકદમ ઘસઘસાટ ઉંઘી જતો. ઘણા જુવાનો ઉપરા ઉપરી નાટકો જોવામાં પોતાના પૈસા અને તેનાથી પણ વધારે કીમતી વખત અને તન્દુરસ્તીનો ભોગ આપતાં પાછું વાળી જોતા નથી, અને પછી વિમાસે છે. ખાસ કરીને નાનાં બાળકોને આજકાલનાં હલકાં શૃંગારિક નાટકોથી દૂર રાખવાં જોઇએ, અને નિશાળ તથા કોલેજના વિદ્યાર્થીઓમાં જેઓ ડાહ્યા અને સુશીલ હોય છે, તેઓ પોતાની મેળેજ નાટકોથી દૂર રહે છે, પણ જેઓ બાપને પૈસે મોજ ઉડાવે છે, તેઓ આવી લતમાં પડી જઇ વારંવાર નાપાસ થાય છે, તેથી આખરે કંટાળી જઇ તેમને અભ્યાસ છોડવાનો વખત આવે છે. આવા વિદ્યાર્થીઓની સંખ્યા સેંકડે પચીસથી કમી નહિ પણ વધારે હશે.

વળી ઘણા માણસો તો રાત્રિની શરૂઆતનો અમૂલ્ય વખત સગાંઓ,

આડોશી પાડોશી, મિત્રો વિગેરેની નાહક કુથલી (નિન્દા) કરવામાં વ્યર્થ ગુમાવે છે, પણ યાદ રાખો કે જો તમારે ખરેખરા સુખી થવું હોય તો નવ દશ વાગે સુઇ જવું અને સવારે ચાર પાંચ કે છ વાગે વહેલા ઉઠવું.

" રાતે વહેલા જે સુએ, વહેલા ઉઠે વીર;
બળ બુદ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર. "

એ કહેવત યથાર્થ છે, અને વિદ્યાર્થીઓએ ખાસ યાદ રાખવા લાયક છે. જે વિદ્યાભ્યાસીઓ ટર્મની શરૂઆતમાં વાર્તાવિનોદમાં કાળક્ષેપ કરી છેવટે પરીક્ષા વખતે ઉજાગરા કરી મોડી રાત્રિ લગી વાંચે છે, તેઓ પોતાનેજ હાથે પોતાના શરીરનો ક્ષય કરે છે.

ઉંઘવાના ઓરડા સ્વચ્છ, ખુલ્લી હવાવાળા, અને વિશાળ જોઇએ, તથા બિછાનું સહેજ કઠણ હોય તો સારૂં, કેમકે જે સ્ત્રીઓને તથા બાળકોને બહુમૂત્રતા (એટલે વારંવાર પેસાબ થવો તે) વ્યાધિ હોય છે, તેમને તથા જેઓને બ્રહ્મચર્ય પાળવાનું હોય છે, તેઓને ખાસ કરીને કઠણ શય્યાપર સુવાથી ઘણો ફાયદો થાય છે.

બ્રહ્મચર્ય.

હવે આપણે સૌથી અગત્યની બાબત એટલે બ્રહ્મચર્યના વિષય પર આવીએ. માત્ર શરીરથીજ બ્રહ્મચર્ય પાળવું તે બસ નથી, પણ વાણીથી તેમજ મનથી પણ કામ વાસનાનો સંકલ્પ સુદ્ધાં ન થવો જોઇએ. નીતિશાસ્ત્રનાં પુસ્તકો તથા ઉપદેશકો વારંવાર આ વિષય-પર ચર્ચા કરે છે, પણ કેવળ ઉપદેશથીજ બ્રહ્મચર્ય પાળવું સુલભ નથી. ૧૦૦ માંથી ૮૦ માણસોનાં મન આસપાસના સંજોગોને વશ

થાય છે. **માટે જેને ખરેખર બ્રહ્મચર્ય પાળવું હોય તેણે પોતાની મેળેજ એવા સારા સંસર્ગમાં રહેવું કે કામ સંકલ્પ ઉદ્‌ભવેજ નહિ. અથવા યાદજ આવે નહિ.** વિદ્યાર્થીઓએ શૃંગાર પ્રધાન નાટકો જોવાં કે વાંચવાં નહિ, તેવાં નોવેલોને દૂરથી નમસ્કાર કરવો, અને જેમ બને તેમ સદ્‌ગુણી મિત્રોની સોબતમાંજ રહેવું. નાચના જલસામાં ભાગ લેવો નહિ, આ બધું કહેવું સહેલું છે, પણ કરવું મુસ્કેલ છે, અને તેનો ખરો ઉપાય ઉપર કહ્યો તે માત્ર એકજ છે, **માટે હંમેશાં તમારા મનને જુદાં જુદાં કામોમાં એવી રીતે ગુંથાએલું રાખો,** કે દુષ્ટ વાસનાને તમારા મનમાં પ્રવેશ કરવાનો અવકાશજ મળી શકે નહિ. જો તમારે વરસો વરસ ઉંચે નંબરે પાસ થવું હોય અને જલદીથી **બી. એ.** અથવા **એમ. એ.** થઇ જવું હોય તો **આત્મસંયમ અને મનોવિગ્રહ તદ્દન આવશ્યક છે.** પ્રાચીન સમયમાં અમુકજ વિદ્યાર્થીઓ સામાન્ય જનમંડળના સંસર્ગથી દૂર, ગુરૂની સમીપ વસતા હોવાથી તેઓ 'વેદિઆ' કહેવાતા, અને હાલના પ્રલોભનોના દાસ થઇ જતા નહિ, 'વેદીઆ' એ શબ્દ સૂચવે છે કે તેઓને ફકત પુસ્તકોનું જ્ઞાન હતું, પણ વ્યવહારનું, પ્રપંચી દુનિયાનું તેઓમાં અજ્ઞાનજ હતું, અને શરીર સંપત્તિની દૃષ્ટિથી તે બહુ સારી વાત હતી. હાલની પદ્ધતિ મુજબ ગમે તેવાં સારાં નરસાં મા-બાપોનાં છોકરાંઓને નિશાળોમાં સેળભેળ કરવામાં આવતાં હોવાથી કેટલાંએક દુષ્ટ છોકરાંઓ બીજાં સારાં, ગરીબ અગર ભોળાં છોકરાંઓ તરફ એટલી બધી દુષ્ટ વર્તણુક ચલાવે છે, કે તેના માસ્તરોને અથવા ઇન્સ્પેકટરોને ભાગ્યેજ તે બાબત ખ્યાલ હોય છે. આવી કાચી વયમાં જે જે દુષ્ટ વિચારબીજ તેમનાં કુમળાં મગજમાં રોપાય છે, તેની ઝેરી અસર જીંદગીભર રહે છે;

લગભગ ૧૬ વર્ષની ઉમ્મરે તો તેમનાં મનમાં અમુક પ્રકારનું વલણ બંધાઇ જાય છે, જે પાછળથી ગમે તેટલા સદુપદેશના બળવડે ફેરવવું મુસ્કેલ છે. માટે તમામ માબાપોએ પોતાનાં પુત્ર પુત્રીઓ તરફ બહુજ સૂક્ષ્મ ધ્યાન આપવું, અને તેઓ ચોવીસે કલાક ક્યાં ક્યાં ગાળે છે તેની રજેરજ જેટલી ખબર રાખવી. ઘણાં ખરાં મા બાપો પોતાની બાલ્યાવસ્થા જાણે ભૂલીજ ગયાં હોય, તેવી રીતે પોતાનાં યુવાન બાળકો પ્રતિ બેદરકારીથી વર્તે છે. અમદાવાદ, મુંબાઇ, કરાંચી જેવાં મોટાં શહેરોમાંથી ઘણી વખત છોકરીઓને હરામખોરો ભોળવી પકડી જઇ શિકારપુર તરફ કે બલુચિસ્તાન તરફ વેચી દે છે, જ્યાંના જનાનામાં પહોંચવું તે તપાસ કરનારાઓને માટે ઘણું મુસ્કેલ થઇ પડે છે. આવા દાખલા આપણે ઘણી વખત સાંભળીએ છીએ, અને અખબારોમાં વાંચીએ છીએ. માટે શહેરોમાં પ્રત્યેક મા-બાપે છોકરાંઓની બહુજ સંભાળ રાખવી. તેમનાં શરીરનીજ સંભાળ રાખવી બસ નથી, પણ તેમની માનસિક પ્રવૃત્તિઓની પણ તજવીજ રાખવી જોઇએ. ઘણાં શ્રીમંત માબાપો મોજ શોખમાં પડેલાં હોવાથી પોતાનાં વહાલાં બાળકો ઉછેરવાનું કામ હલકા ચાકરોનેજ સોંપી દે છે, તેમ મિલ મજુરોના જેવી બાર તેર કલાક નોકરી કરનારાં મા-બાપોનાં બચ્ચાં પણ કોઇની દેખરેખ વગર જેમ તેમ રખડીને મોટાં થાય છે.

બાળલગ્ન.

બાળલગ્નની રૂઢીથી બ્રહ્મચર્ય પાળવામાં ભંગ પડે છે, અને કાચી વયે જે સંતતિ ઉત્પન્ન થાય છે, તે પણ અલ્પાયુષી, બુદ્ધિહીન અને નિસ્તેજ નીવડે છે. પંદર સોળ વર્ષની ઉમ્મરે માતા થયેલી

છોકરીઓ પણ શરીરમાં તવાઇ જાય છે, અને ૨૫–૩૦ વર્ષે તો ઘ-રડી ડોશી થઇ જાય છે. તેઓ નિરૂત્સાહી, મંદ અને ફિકકી પડી જઇ સંસારને કંટાળા ભરેલો માને છે, અને બાળકો તેને બોજા રૂપ ભાસે છે, તો તેમને ઉછેરવામાં, શિક્ષણ આપવામાં તથા ગૃહકાર્યમાં જોઇતી અતિશય ધીરજ ને અખૂટ ઉત્સાહ તે બિચારી કયાંથી લાવે ? મોટી ઉમ્મરે પહોંચેલા અને કદાવર બાંધાના હૃષ્ટપુષ્ટ બીજવર આવી બાળકીઓ જોડે લગન કરી તે બિચારીઓનો પાંચ સાત વર્ષમાંજ અંત લાવે છે, એવા ઘણા દાખલા બને છે. બંગાળાની કુલમણિ દાસીનો કેસ સુપ્રસિદ્ધ છે.

વળી બાળલગનથી છોકરાઓના વિદ્યાભ્યાસમાં પણ પૂરેપૂરી ખામી આવે છે, એક તરફથી કાચી ઉમરમાં વીર્યનો ક્ષય, તેથી મગજનું ખાલી પડવું અને બીજી તરફથી મગજને બોજા રૂપ અભ્યાસ અને સખત પરીક્ષાઓ; આથી કરીને તે અભ્યાસમાં લથડી જાય છે. અને બે ત્રણવાર નાપાસ થાય એટલે નિરૂપાયે કોઇ ધંધો શોધી કાઢવાની ફરજ પડે છે. કારણ કે એક તરફથી પત્નીની (પોતાની સ્ત્રીની) ખાનગી રીતે વસ્ત્રાભૂષણ માટે ઉપરા ઉપરી માગણી થાય છે, તો બીજી તરફથી માતા પિતા પણ કંટાળી જઇ સ્વતંત્ર થવા અગર ક-માવા જવાનું કહે છે, અને બાળકો પણ અવતરવા માંડે છે, તેથી ફીકરમંદ બની જઇ અભ્યાસમાં બિલકુલ ચિત્ત ચોંટતું નથી, આજ-કાલ ભારતના મધ્યમ વર્ગના યુવાનની આવી સ્થિતિ છે; અને તેના ઉપરજ આપણા દેશના ભવિષ્યનો આધાર છે, માટે તેની જીંદગી સુખી બનાવવાનો ઉત્તમ ઉપાય એજ છે કે તે છેવટની પરીક્ષા પાસ કરે અને ધંધામાં જોડાય ત્યાં સુધી તેને આ સંસારની ખટપટમાં નાંખવો નહિ.

હાલની પ્રજાના કરતાં પ્રાચીન સમયના આર્યો ઘણા જીતેંદ્રિય હતા. દર મહિનામાં અમુક દિવસો પવિત્ર ગણાવાથી સ્ત્રી સંગને માટે વર્જ્ય હોવા જોઇએ, પણ આવાં બંધનોને વહેમ ગણી હાલના સ્વચ્છંદી યુવકો યથેષ્ટ આચરણ કરે છે, તે તેમનાજ શરીરને ક્ષયકારક છે. બ્રહ્મચર્ય પાળવાથી આયુષ્યનો જેટલો વધારો થાય છે, તેટલો બીજા પૌષ્ટિક ખોરાક, વાજીકરણ વિગેરે કોઇપણ સાધનોથી થઇ શકતો નથી. આત્રેય મુનિ કહેછે કે "આ શરીરને ટકાવી રાખનાર ત્રણ સ્તંભ છેઃ—ખોરાક, નિદ્રા, અને બ્રહ્મચર્ય." વળી લગ્નનો હેતુ વીર્ય રક્ષણ કરવાનો છે. એજ કારણોથી ધર્મ શાસ્ત્રોમાં દરેક વખતે સ્ત્રી ઋતુમતી થયા પછી માત્ર ૧૬ દિવસમાં તેની પાસે જવાની આજ્ઞા આપવામાં આવી છે, અને આયુર્વેદમાં બીજો નિયમ એવો બતાવ્યો છે કે, સારી તન્દુરસ્તીવાળા પુરૂષે હેમંત અને શિશિર ઋતુમાં ઇચ્છા પ્રમાણે પત્ની પાસે જવું પણ વસંત અને શરદમાં ત્રણ દિવસે એક વખત જવું અને વર્ષા તથા ગ્રીષ્મ ઋતુમાં પંદર દિવસે જવું, તેનું કારણ એ છે જે એ ઋતુઓમાં સ્વાભાવિક રીતે શરીરબળ ઘટી જાય છે, માટે તેમાં શુક્ર રક્ષણ ન થાય તો તરત ધાતુક્ષય પ્રાપ્ત થાય છે, પશુઓમાં તો માદા જ્યારે ઋતુમતી થાય ત્યારેજ નર તેની પાસે જાય છે, એવો નિયમ કુદરતેજ, તેમને શીખવેલો જણાય છે, અને તે નિયમનું ઉલ્લંઘન ભૂલે ચૂકયે પણ કરતાં તેઓ જણાતા નથી પણ અફસોસ ! **પશુઓથી હજાર ગણી બુદ્ધિવાળા મનુષ્યો જાણી જોઇને પોતાને હાથે પોતાનાજ પગમાં કુહાડા મારે છે,** એટલે કે લાંબા સુખના અને ઉંચા પ્રકારના આનંદનો વિચાર કરવાને બદલે તેઓ ઘડી એકના ક્ષણિક સુખમાં ગરકાવ થઇ જાય પોતાના હાથેજ

પોતાના શરીરનો અને આયુષ્યનો ક્ષય કરે છે. પહેલાંના વખતમાં વડીલોની મર્યાદા સાચવવી પડતી, તેથી દિવસે તો પત્નીને મળવાનો ભાગ્યેજ પ્રસંગ આવતો, વળી રજોદર્શન વખતે, ગર્ભાધાન પછી, અને પ્રસવકાળ પછી તેમજ અનેક પવિત્ર ગણાતા તહેવારોમાં વડીલોની દેખરેખ હોવાથી યુવાન બાળકોને મર્યાદા જાળવવી પડતી, પણ વીસમી સદીમાં તો વ્યક્તિ સ્વાતંત્ર્યના બહાના હેઠળ બીનઅનુભવી યુવકો પોતાની પત્ની તરફ અત્યાચાર કરવાને ચૂકતા નથી. ઉપર જણાવ્યા તેવા આપત્તિ ધર્મમાં જ્યારે તે બિચારી હોય ત્યારે તો ભાઇઓ ! જરૂર તેને વિષે દયાની વૃત્તિ રાખો, નહિતો કુદરત તમોને સજા કર્યા વિના રહેશે નહિ, કારણકે રજસ્વલા સંગથી આંધળા થવાય છે અગર આંખો ખરાબ થાય છે, ગર્ભિણી સંગથી ગર્ભપાત થાય છે, દિવસે સંગ કરવાથી ભવિષ્યના બાળકોની આંખો બગડે છે, પવિત્ર દિવસોમાં અથવા અયોગ્ય સમયે તેમ કરવાથી બાળકો દુષ્ટ બુદ્ધિવાળાં અને દુષ્ટ વાસનાવાળાં થાય છે; સ્ત્રીની તબીયત લથડેલી હોય તે વખતે પણ ઘણા નિર્બળ મનના વિષયાંધ મનુષ્યો પોતાના મનને કબજે રાખી શકતા નથી, તેથી તેણીની તબીઅત વધારે લથડે છે, અને ઘણી સ્ત્રીઓને ક્ષય લાગુ પડે છે.ઘણા બાળક-ધણીઓ(Child-husbands) માં એવો ખ્યાલ તેમના હલકા સોબતીઓથી મળેલો હોય છે, કે જેમ વધારે વાર સ્ત્રી સંગ કરવાની શક્તિ હોય તેમ વધારે મરદાઇ કહેવાય. આવા કમઅક્કલના છોકરાઓ-અરે ડાહ્યા ડોળા, ભણેલા ગણેલા, મોટી ઉમ્મરના કોલેજોમાં ભણતા યુવાનો પણ વીર્યવાહિની નસો ખાલી થઇ જવા છતાં એક રાત્રિમાં બે, ત્રણ કે વધારે વખત સ્ત્રી સંગ કરે છે અને પરિણામે જીવતાં લગી પસ્તાય છે. કારણ કે ઘણી વખત તેથી નપુંસકપણું આવે છે. બદ-ગાંઠ ઉપડી

-આવે છે અથવા લાંબી બિમારી લાગુ પડે છે.

કુટેવ.

હવે મોટી ઉમ્મર થતાં લગી કુંવારા રહેનાર અમારા પારસી ભાઇઓ ને તેમજ હિંદુ, મુસલમાન યુવકોને માટે બે બોલ લખવા જરૂરના છે. અલબત મોટી ઉમ્મરે પરણવું તે ઘણું ઉત્તમ છે, પણ જેમનું ચિત્ત ચંચળ હોય, અને વિષયવાસનાને દાબી દેવા જેઓ અશકત હોય, તેમણે કુંવારા રહેવું તે ઘણું જોખમભરેલું છે. તેઓએ શૃંગારિક નોવેલો તથા પ્યારની ચોપડીઓ વાંચવી નહિ જોઇએ. વળી મનને ઉસ્કેરનારાં સાધનો, નાચ પાર્ટીઓ, નવરાત્રિમાં ગરબા જોવા જવું, વિગેરે તમામ બંધ કરવું જોઇએ, અને ઝાઝો વખત સ્ત્રીઓની સોબતમાં, સમાગમમાં રહેવું જોઇએ નહિ. ટુંકામાં જેજે કારણો મનને ઉશ્કેરી વીર્યને ચલાયમાન કરે છે, તે સઘળાંથી દૂર રહેવું જોઇએ, છતાં તેમ બની શકતું નથી, ત્યારે તેઓ **હાથરસ** (Master Bassion) જેવી કુટેવોના ભોગ થઈ પડે છે, તેથી થોડા વખતમાં તેઓ નપુંસક બની જાય છે, અને પરણ્યા પછી ઘણા પસ્તાય છે, તથા ગુમાવેલું પુરૂષાતન પેટન્ટ દવાઓ, યાકુતીઓ, લેપો વિગેરેમાં પૈસા ખરચી પાછું મેળવવા વૃથા પ્રયત્નો કરે છે.

હવે બીજી ભયંકર આદત પરસ્ત્રીગમન, વેસ્યાગમન વિગેરેની છે. માત્ર કુંવારાજ આનો ભોગ થઈ પડે છે એવું નથી. આ બાબતમાં વધારે લખવું ઉચિત નથી, પણ દુરાચરણી સ્ત્રીઓ ઉપદંશ (Syphilis) ચાંદી, પ્રમેહ, (Gonorrhoea) વિગેરે ભયંકર રોગોનું નિવાસ સ્થાન

હોય છે, અને એક ક્ષણિક મજાના બદલામાં જે રોગ વળગે છે, તે ત્રણ પેઢી સુધી જતો નથી, એમ વિદ્વાન ડૉકટરો અને વૈદ્યોનું માનવું છે. આ બે રોગ એવા છે કે તરત સારા થઇ ગએલા લાગે, છતાં, વરસોનાં વરસો પછી શરીરમાં તેની ઝેરી અસર એકદમ કોઇ ને કોઇ પ્રકારે પ્રત્યક્ષ થાય છે. તેમાંથી અનેક બુરાં દરદો જન્મ પામે છે, અને તે દરદો કેમે કરીને મટતાં નથી. જેનું ચિત્ત વશ નથી, તેવા દરેક માણસને માથે ડિમોકલીસની તલવાર (જે ફક્ત એકજ વાળથી લટકી રહેલી હતી તે) ના જેવો મહાન ભય આવી પડેલો છે, અને તેમાંથી બચવાનો એકજ ઉત્તમ રસ્તો એ છે કે **બુરી સોબતમાં ન રહો, તેમ એકાંતમાં પણ ન રહો,** પરન્તુ

સારી સોબત–

માં રાત દિન રહો, અને તમારા મનને પણ નવરૂં પડવા દેવું નહિ, પણ સારા કામકાજમાં તથા નિર્દોષ વિનોદોમાં પરોવી રાખો, જેવાં કે સારાં પુસ્તકોનું વાંચન, સદ્‌ગુણી જનોની મૈત્રી, બાળકો જોડે વિનોદ, તરવું, કુસ્તી કરવી, રમતો રમવી, ઇશ્વર ભજન કીર્તનના જલસામાં જવું (નહિ કે સ્ત્રીઓના સમુદાયવાળા–તાલીઓ પાડુ વરણાગીઆ ભગતોના ભજનમાં), હરદાસ બુવાજીની કથાઓ સાંભળવી, ભાષણો સાંભળવા જવું, ઘોડાની શરતો, ક્રિકેટના મેચ, વિગેરે જોવા જવું, વૈરાગ્ય અને ભક્તિ ઉપજે તેવું સંગીત, વાદ્ય વિગેરે બજાવવું, કુદરતની શોભા પ્રત્યક્ષ થાય, તેવા સ્થળોમાં નાની મુસાફરીઓ કરવી, ચિત્રકળા, શિલ્પ, હુન્નર વિગેરેનો શોખ રાખવો, ઇત્યાદિ કાર્યોમાં રાત દિવસ મનને પરોવી રાખનારનું આયુષ્ય, મુખનું તેજ, શરીરની કાંતિ, બળ અને માન વધે છે, અને દિવસે દિવસે તેની ચડતી થાય છે. જ્યાં જ્યાં તે જાય

છે, ત્યાં વિજય પામે છે, પોતે સુખી થાય છે, અને આસપાસના લોકો, કુટુંબ, મિત્ર મંડળ વિગેરે સૌને ખુશી કરે છે. જેવી રીતે એક સુંદર નદી જ્યાં જ્યાં થઇને વહે છે, તે તે પ્રદેશોને રસાળ અને ફળદ્રુપ કરતી જાય છે, તેવી રીતે એક નીતિમાન, સદાચરણી, ઉદાર દિલવાળો પુરૂષ જે જે મંડળીમાં જાય છે, ત્યાં સર્વત્ર તે આશીર્વાદરૂપ થઇ પડે છે, પ્રત્યેક મનુષ્યનું દિલ તેની તરફ આદર અને પ્રેમભાવથી ઉછળે છે, અને બાળકોથી વૃદ્ધપર્યંત દરેક જણ સમજે છે કે તે મારો સાચો મિત્ર છે. એવા પણ કેટલાક મનુષ્યો અમોએ જોયા છે, કે જેઓએ એમ. એ. બારીસ્ટર વિગેરે વિદ્યાની ઉંચામાં ઉંચી પદવી સંપાદન કરી મોટા હોદ્દા ને અધિકારો ભોગવ્યા છતાં, પોતાના આડોશી પાડોશીઓ, સગાં વહાલાં, પ્રજા મંડળ વિગેરેમાં પોતાની પાપી ચાલચલણને લીધે માત્ર બુરૂં નામ અને અપકીર્તિ મેળવ્યાં છે, એવાં માણસોની મોટાઇ અને વિદ્યાને ધિક્કાર છે! ધૂળ પડી એમની સત્તામાં ને એમના ધનમાં, જેણે આ મનુષ્ય દેહને સાર્થક કરવાની બહારથી દેખાતી તમામ યોગ્યતા મેળવ્યા છતાં અંદરની જેની મનઃ કામનાઓ પશુના કરતાં પણ નીચ છે. જેને લોકો બહારથી માન આપે છે, પણ અંદરખાનેથી બાળકો પણ જેની હલકાઇથી વાકેફ છે, તેને તો જીવવા કરતાં મરવુંજ સારૂં. જન મંડળના ઉંચાં વર્ગોમાં આવા માણસો હોય, **તે સમગ્ર પ્રજાને નુકશાનકારક** છે, કેમકે મોટા (ગણાતા) લોકો જેવું આચરણ કરે છે, તેની નકલ બીજા સાધારણ મનુષ્યો જાણે અજાણે કરતાં શીખે છે, એવો મનુષ્ય સ્વભાવ છે- (**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरोजनः**) આવી રીતે સર્વ પ્રજા ક્રમે કરીને નિરકુંશ થઇ જાય છે અને છેવટે વિનાશ પામે છે.

આ પ્રમાણે સુખી થવાનો ખરો સંદેશો જેવી રીતે આપણને બ્રહ્મચર્ય પાળવાનું કર્તવ્ય ભાર દઇને સૂચવે છે, તેવી રીતે ઉપર જણાવ્યા પ્રમાણે બાળ લગ્નોથી દૂર રહેવાનું કર્તવ્ય પણ તેમાંજ આવી જાય છે, તે ભૂલી જવું જોઇતું નથી. છોકરાઓને ૧૬ વર્ષ પહેલાં અને છોકરીઓને ૧૨–૧૪ વર્ષ પહેલાં નહી પરણાવવાનો કાયદો નામદાર ગાયકવાડ સરકારે કર્યો છે, પણ તેથીજ કાંઇ બસ થયું, એમ સમજવાનું નથી. પરણ્યા પછી ચાર પાંચ વર્ષ આ બાળક—દંપતીને જુદા રાખવામાં આવે તેજ ઇષ્ટ છે, પણ તેમ નહિ કરવાથી બન્નેનાં શરીર કાચી ઉમ્મરે તૂટી જાય છે, આગળ વધતાં અટકી જાય છે, તેમજ યાદ શક્તિમાં ખલેલ પહોંચવાથી તે છોકરાઓનો અભ્યાસ પણ બરોબર થઇ શકતો નથી. વળી આટલી નાની ઉમ્મરમાં બાળકો તરફનું કર્તવ્ય માતાઓ સમજી શકતી નહિ હોવાથી ઘણા અનર્થો જન્મ પામે છે. પ્રથમ તો ભવિષ્યની માતાઓએ શીખવાનો

બાળ રક્ષણ

નો એક ખાસ વિષય છે, અને તેનું રીતસર અધ્યયન મોટી ઉમ્મરની કન્યાઓને શાળાઓમાં કરાવવાની જરૂર છે. તે પ્રશ્ન તો એક બાજુ રહ્યો, પણ વૃદ્ધો તરફથી વંશપરંપરા મળતી આવી બાબતની થોડી ઘણી પણ કેળવણીને અભાવે દર હજારે ૩૦૦—૪૦૦ બાળકો જન્મીને તરતજ યમને શરણ પહોંચે છે, પણ પાશ્ચાત્ય દેશોમાં વિશેષ સંભાળને પરિણામે દર હજારે માત્ર ૧૦૦ બાળકો મરણ પામે છે. ઋતુઓના ફેરફારોને અનુસરીને બચ્ચાંઓને કપડાં પહેરાવવાં જોઇએ, તે બાબ્જેજ આવી કુમળી ઉમ્મરની માતાઓના ધ્યાનમાં હોય છે, જેથી કરીને તેઓ વારંવાર માંદાં પડી જાય છે, બાલ્યાવસ્થામાં કફપ્રકૃતિ

વિશેષ હોય છે તેથી ખાસ કરીને જો બાળકોની છાતીનું રક્ષણ નથી થતું તો તરતજ તેઓ ભરાઇ જાય છે, એટલે કે તેઓને સસણી (Bronchitis) થાય છે. જેમાંથી બહુ સંભાળથી માંડ થોડાં બાળકો બચવા પામે છે. **બાળકોના ખોરાક વિષે પણ ખાસ અભ્યાસની જરૂર** છે. ગાયનું દૂધ એક ઉભરો આવતાં લગી ગરમ કર્યા સિવાય બચ્ચાંઓને આપવાથી ક્ષયરોગના અથવા બીજી ઘણી જાતનાં જંતુઓ દાખલ થાય છે, માટે દૂધ ઉકાળ્યા સિવાય બચ્ચાંઓને કદી પણ પાવું નહિ. ઘણી વખત શ્રીમંત માતાઓ ધવડાવવાની તસ્દી લેવાને બદલે દૂધ પાઇને, ધાવ રાખીને કે ખોરાક ખવડાવીને બચ્ચાંઓને ઉછેરવા યત્ન કરે છે, પણ આ વાત હમેશાં તેઓએ ધ્યાનમાં રાખવી જોઇએ કે બીજાં કોઇ પણ જાતનાં દૂધ માતાના દૂધની બરોબર નથી, એવી કુદરતનીજ બનાવટ છે, માટે પ્રથમ વર્ષમાં તો ઉપરનું દૂધ જેમ બને તેમ ઉપયોગમાં થોડુંજ લેવું, નાનાં બાળકોને ખાંડની વિશેષ જરૂર છે, તેથી વખતો વખત સારી મીઠાઇ યોગ્ય પ્રમાણમાં આપવી, પણ એકદમ મીઠાશ, ખાંડ, બહુ ઘીવાળા પદાર્થો ખવડાવીને મંદાગ્નિ થઇ જાય તેમ કરવું નહિ. બાળકોને વારંવાર ભારે ખોરાક ખવડાવવો નહિ, તેમજ જ્યારે તાવ, ઝાડો વિગેરે હોય, ત્યારે માત્ર હલકોજ ખોરાક આપવો. સાધારણ રીતે બચ્ચાંઓને ભૂખ લાગે ત્યારે પોતાની મેળે તેઓ ખાવાનું માગે છે, માટે તેમને ખાવાનો બહુ આગ્રહ ન કરવો. નાના બચ્ચાંઓને ગાય વિગેરેના દૂધમાં અડધું પાણી મેળવીને પાવાની ભલામણ ઘણી વેળા ડાકટરો કરે છે, પણ આવી રીતે પાણી મેળવવાથી પોષણનો અંશ બિલકુલ ઘટી જાય છે, માટે આ રીત કેટલે દરજ્જે ગ્રહણ કરવા જેવી છે, તે આસપાસની સઘળી પરિસ્થિતિ ધ્યાનમાં લઇને તથા બાળકની અને માતાની તંદુરસ્તીનો વિચાર કરીનેજ

પછી આવશ્યક હોય તેટલે દરજ્જે ગ્રહણ કરવી. નાનાં અને નબળાં બચ્ચાં માટે પ્રથમ નંબરે ગધેડીનું દૂધ છે, કેમકે તેના ગુણ સ્ત્રીના દૂધ જેવાજ છે, બીજે નંબરે બકરીનું દૂધ છે અને પછી ગાયનું; માટે તેને બહુ કઢવું નહિ, પણ એક ઉભરો આવવા દઇ તર કાઢી નાંખવી. દૂધમાં કુદરતથી જે પ્રવાહી (પાણીનો ભાગ) મિશ્રિત છે, તેમાં બહારનું પાણી કૃત્રિમ રીતે ઉમેરવાથી કેટલે દરજ્જે ફાયદો થાય તે વિચારવા જેવી વાત છે.

બાળકોને માટે બજારોમાં જાતજાતના બનાવટી ખોરાકો અને પેટન્ટ દવાઓ વેચાય છે, તેમાંના ઘણાખરા તો ફાયદો કરવાને બદલે ઉલટું નુકશાન કરે છે. યુરોપ અમેરિકામાં સાચી તેમજ ખોટી તરેહ-વાર પેટન્ટ દવાઓ કેટલા મોટા પ્રમાણમાં ખપે છે, તે વિષે આગળ કહેવામાં આવશે. હાલ તો આપણે બાળકોના સબંધમાં એટલુંજ કહેવાનું છે, કે ઘણી ખરી બનાવટોની અંદર નુકશાનકારક ચીજો આરારૂટ આવે છે. વગેરે ચીકાસ પકડી જનારા પદાર્થોમાં લોટ મેળવી ચીકણાં પેટ ડબરી જેવાં પીળાં કાયમને માટે થઇ જાય છે. બાળકોને માટે અમારી ખાસ સલાહ પુછાવો, અમે તે વિષે પૂરતું અજવાળું પાડીશું.

અમેરિકામાં ન્યુર્યાર્ક શહેરના એક વકીલે પોતાની નોકર નોરા નામની સ્ત્રી રાત્રે નાચમાં જવાની ટીકીટો માગવા લાગી, ત્યારે તેને પુછ્યુંકે, બાઇ તારાં એ છોકરાંને મુકીને શી રીતે તું જઇ શકીશ ? ત્યારે તેણે કીધું જે સાહેબ, માત્ર એકજ ચમચીભર અમુક સીરપ આપીશ, એટલે સવાર લગી તેઓ મુડદાંની પેઠે પડી રહેશે ! મિચિ-ગન ગામમાં બાળકોનું મરણ પ્રમાણ વધવા માંડયું ત્યારે તપાસ કરતાં જણાયું કે ગરીબ લોકો અફીણમિશ્રિત દવાઓ બહુ પાતા હતા.

વળી ત્યાંના કનસસ શહેરમાં કોઇ ધનવાન માબાપની એકની એક દીકરીને ઉષ્ણુ ૠતુને લીધે અતિસાર થયેલો, તેથી તેના બાપે તે રોગની પેટન્ટ દવા આપવા માંડી તેથી અતિસાર તો દબાયો, પણ જેવી દવા બંધ કરી કે તરતજ ઉથલો થયો. ફરી ફરીને આમ કરવાથી આખરે તે છોકરીને કાયમને માટે અફીણની ટેવ પડી ગઇ, અને તેથી તેના શરીરની બુરી હાલત થઇ.

૧૯૦૪ ની સાલમાં આસ્ટ્રેલિઆના એક પ્રાંતમાં બાળકોના મરણ પ્રમાણ વિષે બાદશાહી કમીશન (તપાસ કરનારૂં મંડળ) નીમવામાં આવ્યું, તેણે ૯ મોટા રસાયનિઓ (કેમીસ્ટો) ૧૩ દવા બનાવનારા, ૨૬ ડાકટરો, કેટલા પાદરીઓ અને બીજા શહેરીઓને પુછીને એવો નિર્ણય બાંધ્યો કે માતાઓ પોતાનાં બાળકોને નુકશાનકારક ચીજો ભેળવેલાં બનાવટી પેટંટ ઔષધો અને ખોરાકો ખવડાવે છે, તેનુંજ એ પરિણામ છે.

ન્યુસાઉથ વેલ્સના ફાર્મસી બોર્ડનો રજીસ્ટ્રાર મી. એડમ ફૅાર્સ્ટર પોતાની જુબાનીમાં જણાવે છે કે ક્લૅારોડાઇન જેની અંદર અફીણ અને ક્લૅારોફાર્મ જેવાં ઝેર આવે છે, તેના ઉપયોગથી માતા અને બાળક બન્નેની જીંદગીનો વિનાશ થાય છે. બિચારી માતાઓ નિર્દોષપણે અજ્ઞાનમાં આવી દવાઓ વાપરે છે, કારણકે તેના બનાવનારાઓએ તેને ફેન્સી એટલે મોહક નામો આપેલાં હોય છે, અને બાળકોને એકદમ ફાયદો થવા સંબંધી બેહદ અતિશયોક્તિ કરેલી હોય છે.

બાળકોને જેમ બને તેમ ઔષધ થોડાં આપવાં, અને આપવાની જરૂર પડે ત્યારે પણ સાદાં કાષ્ઠાદિજ બનતાંલગી આપવાં. ખાવાપીવાની બાબત ખાસ સંભાળ રાખવી. કપડાં પહેરાવવાની કાળજી ઠંડી

ઋતુમાં અને ચોમાસામાં વિશેષ રાખવી. એકદમ ઋતુમાં ફેરફાર થતી વખતે આ વિષે બેદરકાર રહેવાથી ઘણાં બાળકો ભરાઇ જાય છે, જેને અંગ્રેજીમાં કૅપિલરી બ્રૉનકાઇટિસ કહે છે, અને બીજા શબ્દોમાં આપણે શરદી થઇ જવી, સસણી, વરાધ, બાદલ, ડબ્બા (હિન્દીમાં) કહીએ છીએ, થોડીવાર કપડાં પહેરાવવાં અને પછી બિલકુલ કહાડી નાંખવાં, તે જોખમ ભરેલું છે. ઘણી વખતે નાનાં બાળકોને બબ્બે ચાર ચાર દિવસે નહવડાવવામાં આવે છે, ત્યાર પછી જલદી કપડાં પહેરાવી દેવામાં આવતાં નથી, તેથી તેમને શરદી લાગુ પડી જાય છે.

અકસ્માતિક બાબતો.

બાળકોને ઘરેણાં પહેરાવવામાં મોટું જોખમ રહેલું છે. તેથી કરીને સેંકડો કેસ ખુનના બનતા સાંભળવામાં આવે છે. અથવા ગરીબ માબાપોએ ઘણી મહેનત વડે પૈસા બચાવી કરેલાં ઘરેણાં બાળકોને પહેરાવવાથી તરત ચોરાઇ જાય છે અને પાછળથી પસ્તાવું પડે છે.

મુંબાઇ, અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં મેડી ઉપરથી બાળકો પડી મરી જવાના ઘણા દાખલા બને છે અને ખાસ કરીને ઉત્તરાયણ ઉપર છાપરા અગર કઠરા વિનાની અગાશી ઉપર પતંગના ધ્યાનમાં ભાન નહિ રહેવાથી ઘણાં બાળકો મરણ પામે છે, માટે ઉપરનાં બારી બારણાની તથા અગાશીની સ્થિતિ તપાસતાં રહેવું:—

કેટલીક બેભાન સ્ત્રીઓ બહુ ઉંઘવાની ટેવને લીધે અજાણતાં નાનાં બચ્ચાંને કચડી નાંખે છે અથવા ધવડાવતાં ધવડાવતાં ઉંઘી જાયછે ને બાળકના મ્હોં ઉપર દબાણ આપવાથી તે થોડા વખતમાં મરી જાયછે. ઘણી વખત તેમનું મ્હોં ખુલ્લું રાખવાને બદલે બે ત્રણ ગોદડાં ઓઢાડવાથી તે મરી જાય છે.

જ્યારે જ્યારે બચ્ચાંઓ રડવા લાગે, ત્યારે તેમ કરવાનું કારણ બરાબર શોધી કહાડવું જોઇએ, કાંઇ પણ દર્દ થતું હોય ત્યારેજ બચ્ચાંઓ રડે છે. કેટલીએક વખત એવા દાખલા બનેલા છે, કે તેમનાં કપડાંમાં વીંછી ભરાઇ ગયેલ હોય, જેથી તેઓ ચીસો પાડે છે, છતાં તેની મા હીંચોળ્યાજ કરે છે, અને તેથી બાળકોના પ્રાણ ગએલા છે.

દીવાળીના તહેવારોમાં દારૂખાનાથી ઘણાં બાળકો સળગી જાય છે, માટે તે વિષે બહુજ સાવચેતી રાખવી. નાની છોકરીઓ રસોઇ કરતી વેળા કપડાં સળગવાથી બળી મરે છે, તેમજ મોટી ઉમ્મરની સ્ત્રીઓ પણ આવી રીતે ઘણે ઠેકાણે બળી મરે છે, માટે તેવું થાય ત્યારે તેમણે સળગતાં કપડાં ફેંકી દેવાં, તેમ ન બને તો ભોંયપર સૂઇને આળોટવું, પણ દોડવાથી ઉલટાં વધારે સળગે છે. જાડી શેતરંજી કે ગોદડું વીંટાળવાથી પણ આગ બુઝાઇ જાય છે. છાતીપરનાં કપડાં સળગ્યાં હોય ત્યારે ચત્તા સુઇ જવું, તેથી કરીને બળતું ઉંચું જશે, એટલે બીજા ઉપાયોથી તેને ઓલવી નાંખવું. આમ કરવાથી છાતીને ઓછું નુકશાન લાગશે. બળતા મનુષ્ય પર પાણીનો ઘડો છાંટવાથી બહુ નુકશાન થાય છે, અને ચામડીપર ફોલ્લા ઉઠે છે, માટે પાણી બિલકુલ છાંટવું નહિ, પણ બીજા ઉપાયોથી આગને બુઝાવવી, તરતને માટે મીઠું તેલ અને ચુનાનું પાણી લગાડવું, અને પછી ખાસ મલમ કરી લગાડતાં રહેવું.

હાલના જમાનામાં બાળકોને માથે એક જબરો ભય ઉભો થયો છે. મુંબાઇમાં મોટરો, ટ્રામો અને ગાડીઓએ ગયા એકજ વર્ષમાં કુલ ૭૨૮ મનુષ્યોનો ભોગ લીધો હતો, તેમાં ઘણાં બાળકો પણ હતાં. આ સ્થિતિ બહુ શોચનીય છે.

કેટલાએક હાંકનારા એટલી બધી ઝડપથી અને બેદરકારીથી ગાડીઓ અને મોટરો દોડાવે છે કે નાના બાળકોને માટે તેમજ મોટી ઉમરના રાહદારીઓને માટે પણ એક રસ્તાપરથી બીજા રસ્તાપર જવું ઘણું જોખમ ભરેલું થઇ પડે છે. કેટલાએક નિર્દય અને દ્રવ્યના મદમાં અંધ થએલા શ્રીમંતો આવી રીતે ધોળે દિવસે જાહેર રસ્તા ઉપર નિર્દોષ મનુષ્યોપર ત્રાસ વર્તાવી યોગ્ય શિક્ષામાંથી છટકી જાય છે, તે ખરેખર અસહ્ય છે.

વળી કેટલાએક હરામખોર ગઠીઆઓ મોટાં શહેરોમાં બાળકોને ઉપાડી જાય છે, અને પરદેશ જઇ વેચવાનો ધંધો કરે છે, તેવાઓથી પોતાનાં બાળકોને બચાવવાની દરેક માબાપને ભલામણ કરવામાં આવે છે. નિશાળે જતાં છોકરાંઓને ફોસલાવીને ઉપાડી જવામાં આવે છે, માટે મા બાપોએ તે બાબત પહેલેથીજ બાળકોને સૂચના આપી રાખવી જોઇએ.

છોકરાંઓને ૧૨ થી ૧૮ વર્ષ સુધીનો વખત ખરેખર ધાસ્તી ભરેલો છે, કેમકે તેઓ તે અરસામાં સારી નરસી સોબતને વશ થઈ પોતાની તેમજ પોતાનાં મા બાપની જીંદગી ધુળધાણી કરી નાંખે છે, માટે સુજ્ઞ માબાપોએ બહુજ ધ્યાન રાખવું, કે કાચી સમજનાં છોકરાંઓ નિશાળના વખત સિવાય દુષ્ટ મિત્રોની સોબતમાં ફસાઇ પડે નહિ.

ઘણાંક માબાપો અને માસ્તરો છોકરાંઓ તરફ એકદમ સખ્ત વર્તણુક ચલાવે છે, તે તેઓને અસહ્ય થઇ પડવાથી તેઓ નાશી જાય છે, માટે તેમની જોડે પ્રીતિથી અને યુક્તિથી કામ લેવું જોઇએ. મા બાપોએ અને મહેતાજીઓએ પોતાની બાલ્યાવસ્થા તથા યુવા-

વસ્થાના અનુભવોને તદન વિસારી નહિ દેતાં પોતાનાં બાળકોની તથા શિષ્યોની જીંદગી સુધરે તેવી રીતે તેમને અમલમાં મુકવા જોઇએ.

હિંદુસ્તાનમાં ઘણે ભાગે એવું જોવામાં આવે છે કે ગરીબ સ્થિતિના વિદ્યાર્થીઓ મહેનત લઇ છેવટ સુધી અભ્યાસ કરી સારૂં નામ કહાડે છે, ત્યારે શ્રીમંતોના અને અમલદારોના પુત્રો એશઆરામમાં પડી જાય છે, અને નોકર ચાકરો હોવાથી પરાધીન બની જાય છે, તેથી તેઓ ક્ષુદ્ર મનના અને અતડા રહે છે. તેથી ઉલટું યુરોપમાં જાહેર શાળાઓની અંદર અમીર અને ગરીબના પુત્રો એક સરખીજ રીતે બોર્ડિંગો (વિદ્યાર્થીભવનો)માં તાલીમ લેતા હોવાથી શ્રીમંતના પુત્રો અહિંની પેઠે સ્વચ્છંદમાં પડી અભ્યાસ છોડી દેતા નથી પણ તેમને વધારે સાધનો હોવાથી ઉલટા વધારે આગળ વધી શકે છે, માટે આપણા દેશના શ્રીમંતોએ આ બાબત ઉપરથી ધડો લેવો જોઇએ અને પોતાનાં બાળકોને સાદી રહેણી કરણીથી શીખવી દુરાચારથી અને દુષ્ટ સંગથી બચાવવાં જોઇએ.

પોતાની ફરજો (સુખી થવાના માર્ગો.)

આ પ્રમાણે **સુખી થવાના સંદેશામાં** આપણે જીંદગીની ઘણી ઉપયોગી બાબતોનું અવલોકન કર્યા પછી દરેક ગરીબમાં ગરીબ માણસ પણ પોતાનું જીવન શી રીતે સુખમય બનાવી શકે તે વિષે થોડો ઘણો વિચાર કરીએ.

પ્રથમ તો આપણી જરૂરીયાતો જેમ બને તેમ ઓછી કરવી જોઇએ. મોટામાં મોટા બાદશાહોને આખી પૃથ્વીનું રાજ્ય મળે, તો

પણ સંતોષ થતો નથી, અને ગરીબ માણસને કેવળ નિર્વાહનાં સામાન્ય સાધનોથી પૂરતો સંતોષ થાય છે. લોભવૃત્તિ એવી બુરી ચીજ છે કે તેથી કરીને સુશિક્ષિત મનુષ્ય પણ પાપ કરવા પ્રેરાય છે. આજકાલ ફેશન વધી જવાથી માસિક રૂ. ૧૫–૨૦ કમાનાર સાધારણ કારકુનને પણ બુટ, સ્ટૉકિંગ, કૉલર, નેકટાઇ, ચા, નાટકો, સીનેમેટોગ્રાફ વિગેરેની બુરી અને ખરચાળ આદત પડી તો તેને લાંચ (રૂશવત) લીધા વગર અને કરજ કર્યા વગર છુટકો નથી, તેને પરિણામે તેનું જીવન દુઃખમય પસાર થવાનું તે નક્કી છે; તેના દિવસો ભય અને ફીકરમાં વ્યતીત થવાના, એમાં લેશ પણ સંદેહ નથી, અમોએ અમારા દીર્ઘ કાળના અનુભવ વડે માનવ સ્વભાવનું બારીક અવલોકન કરી એવો સિદ્ધાન્ત રચ્યો છે કે અનેક અધિકારીઓ મોટા અને નાના દરજ્જાના મુખ્યત્વે કરીને કામ અને લોભના ગુલામ બની પોતાના પગમાં કુહાડા મારી પોતાની અને પોતાના કુટુંબોની જીંદગી પાયમાલ કરે છે. માટે **સુખી થવાનો ઉત્તમ રસ્તો** અમોને તો એવો ભાસે છે કે સાદામાં સાદું અને ઓછું ખર્ચાળ જીવન પોતે ગાળવું, અને પોતાનાં સગાં વહાલાં તથા બાળકોમાં તેનો દાખલો બેસાડવો. વ્યવહારમાં પ્રમાણિકપણું અને દીર્ઘદૃષ્ટિ એજ **સુખી થવાની ખરી ચાવી** છે, માટે તરતમાં ગમે તેટલો ફાયદો થતો હોય, પણ પરિણામે જે સારૂં ન હોય તેવો માર્ગ કદીપણ ગ્રહણ કરવો નહિ. તરત લાગતા સુખથી કે તાત્કાલિક આનંદથી અધમ મનુષ્યો લલચાઈ જાય છે, પણ જેમનું મન સ્વાધીન છે, જેમની ઇચ્છા અને સંકલ્પો દૃઢ છે, તેઓ પોતાની ઇંદ્રિયોને નિયમમાં રાખી ક્ષણિક લાલચોને વશ નહિ થતાં પોતે પ્રતિષ્ઠા મેળવી આસપાસના મંડળ ઉપર સારો દાખલો બેસાડે છે.

સુખી થવાનું બીજું અગત્યનું સાધન, કરજ કદી પણ નહિ કરવું તે છે. કરજદાર માણસ પોતે રાત દિવસ ફિકરમંદ રહે છે, એટલુંજ નહીં, પણ તેના કુટુંબનાં માણસો ઉપર પણ તેથી બહુજ માઠી અસર થાય છે. એક વખત શરૂઆત થઇ, એટલે પછી વધારે ને વધારે તેમાં ઉતરતા જવાય છે, અને પોતાની ટુંકી કમાણીનો ઝાઝો ભાગ વ્યાજમાંજ ચાલ્યો જાય છે. કરજદાર માણસ સુખે રોટલો ખાઇ શકતો નથી અને ખરેખરી શાંતિ કે ખરો આનંદ પણ ભોગવી શકતો નથી.

લગ્ન કે મરણ પ્રસંગે મોટા નાત વરા કરવા તે ગરીબ માણસને બહુ ભારે થઇ પડે છે અને તેને પરિણામે કરજની જાળમાંથી કદી છુટાતું નથી, માટે આવી ક્ષણિક નામના મેળવવાની લાલચને વશ નહી થતાં કરકસરથી આવા પ્રસંગોએ ફક્ત શાસ્ત્રીય વિધિથી ચલાવી લેવું જોઇએ.

જમણવારો—નાતવરામાં વધેલા લાડુ, પકવાન વિગેરે મિઠાઇઓ કુટુંબી જનો ઘણા દિવસ સુધી ખાય છે અથવા તો કંદોઇને ત્યાં વેચી દેવામાં આવે છે. ગરીબ અને ધનના લોભી મનુષ્યો આવા ઘણા દિવસના સુકાઇ ગએલા પકવાન્ન ખરીદે છે. આવી મીઠાઇ ખાવાથી માણસોને અજીર્ણ પેદા થાય છે. આથી મહાન ભયંકર વ્યાધિઓ ઉત્પન્ન થાય છે જે વિષે આગળ લખ્યું છે. તેમજ મંદિરોમાં અન્નકુટમાં મોટા જથ્થામાં દરેક અનાજ રાંધવામાં આવે છે અને ઠાકોરજીને ધરાવ્યા પછી લાંબા વખત સુધી રાખી મુકવામાં આવે છે અને છેક બગડી જતાં સુધી વેંચવામાં અગર વેચવામાં આવે છે. મંદિરોમાં થતા ઠાકોરજીની પ્રસાદી રૂપ ઠોર—મોહનઠાર—જુદી જુદી જાતના લાડુઓ, પુરીઓ,

જલેબી વિગેરે ઘણી જાતની મીઠાઇ કોઠારમાં ઘણા દિવસ સુધી રાખી મુકવામાં આવે છે. અને તે તેના પુજારીઓ તરફથી ભાવિક જનોને વેચવામાં અગર આપવામાં આવે છે. કેટલીક વખત આવી મીઠાઇઓમાં એળો—જીવાત પડેલી માલુમ પડે છે. પણ અંધ શ્રદ્ધાળુ તેમજ સોંઘી કીંમતમાં આવી મીઠાઇઓ ખરીદનારા લોકો પોતાના બાળ બચ્ચાંઓને વાસી ખવડાવે છે અને પોતે પણ ખાય છે, જેથી ઉદર વ્યાધિના મહાન ભયંકર રોગોના ભોગ થઇ પડે છે. માટે—

બનતાં લગી મિતાહારી રહેવાથી આખા કુટુંબમાં તંદુરસ્તી જળવાઇ રહે છે, પણ ભોગજોગે કુટુંબનું કોઈ પણ માણસ માંદું પડે, તે વેળા પુખ્ત વિચાર કરી ચાલે ત્યાં સુધી ઘરના સાધારણ ઉપાયો અજમાવી જોવા. તેમ છતાં જરૂર લાગે તો સારા વૈદ્યની સલાહ લેવી.

સારા વૈદ્યનાં લક્ષણ.

દરેક દરદીએ વૈદ્યની કસોટી કરી જાણવી જોઇએ. રીતસર ગુરૂ પરંપરાથી શાસ્ત્રો ભણેલ હોય, તથા ઘણાં વર્ષથી હજારો દરદીઓને સારા કરીને બહોળો અનુભવ મેળવેલો હોય, તેમજ દરદીઓના તરફ પુત્રભાવ રાખતો હોય, અને પોતાની ફી લેવા તરફજ તેની દૃષ્ટિ મુખ્યત્વે કરીને ન હોય, પણ જેનું ધ્યાન ખાસ કરીને રોગ મટાડવા તરફ હોય, જે પવિત્ર, સત્યાગ્રહી, નિરભિમાની, નિર્લોભી, ધાર્મિક દૃષ્ટિ વડે કર્તવ્યપરાયણ રહેતો હોય, અને જેને માટે એકઠા થએલા દરદીઓ અત્યંત વિશ્વાસમય ભાવનાથી જોતા હોય, તેજ સારા વૈદ્યનું લક્ષણ છે.

વૈદ્ય કોને કહેવો જોઇએ.

માત્ર માસિકો અગર પેપરો કહાડવાથી સારા વૈદ્ય બની જવાતું નથી; તેમ વૈદ્યકીય ગ્રંથોનાં ભાષાંતરો છપાવી બહાર પાડવાથી કે આયુર્વેદનાં સ્વતંત્ર પુસ્તકો છપાવવાથી પણ વૈદ્ય બની શકાતું નથી. વળી દવાઓ જથાબંધ તૈયાર કરવાનાં મોટાં મોટાં કારખાનાં કહાડવાથી કે ફાર્મસીઓ સ્થાપવાથી વૈદ્યની સંજ્ઞા પામી શકાતી નથી; કારણકે તેવી રીતે યુરોપ અમેરિકામાં મોટી મોટી ભઠ્ઠીઓ વડે જથાબંધ દવાઓ તૈયાર કરનારા કેમીસ્ટો કાંઇ ડાકટર તરીકે ઓળખાતા નથી. માટે દરદીઓએ હમેશાં ધ્યાનમાં રાખવું કે સાચા વૈદ્યને ત્યાં દરરોજ સવારમાં સખ્યાબંધ માણસો એકઠાં થઇને અરસપરસ તે વૈદ્યની રોગ મટાડવાની કાબેલિયતનાં વખાણ કરતાં હોય છે; તમારે હમેશાં જાતે તપાસ કરી પાંચ ડાહ્યા માણસોને પુછવું કે આ વૈદ્યે કેવાં કેવાં દરદો મટાડયાં છે, અને કહેવત છે કે **પંચ ત્યાં પરમેશ્વર,** તે મુજબ પંચનું શું કહેવું છે તે તમારે અવશ્ય તપાસ કરવી. માત્ર માણસોજ એકઠાં થાય તે બસ નથી, પણ તે એકઠાં થયેલાં માણસોનું શું કહેવું છે, આગળ પાછળ કેવા કેવા ભયંકર કેસો સુધારીને એમણે નામના મેળવી છે, તે બાબતમાં ખાસ તપાસ કરવી. કેવળ જાહેર ખબરોથી પણ વૈદ્ય બની શકાતું નથી, કારણકે કદાચ જાહેર ખબરોથી કોઇ બહાર ગામડાના અજાણ્યા માણસો એક વખત પુછતા પુછતા આવશે, પણ જો તેમને ફાયદો નહિ થાય, તો તેઓ ફરીથી કદી પણ તેવા વૈદ્યને ઉમરે પણ ચડશે નહિ. માટે અમો તો એવા નિર્ણયપર આવ્યા છીએ કે સાચું નિદાન અને સાચી ચિકિત્સા કરી જાણે એટલે કે રોગની પરીક્ષા બરાબર કરીને રોગ મટાડે તેજ વૈદ્યના પવિત્ર નામને

લાયક છે, અને તેવા વૈદ્યે એક માણસનો ભયંકર રોગ મટાડ્યો કે તરત તે માણસની આખી નાતમાં આખા મોહોલ્લામાં, ને તેના તમામ હેતુ મિત્રોમાં એક સચોટ જાહેર ખબર ફેલાઇ ગઇ એમ સમજવું. ભલે તમે મોટાં મોટાં કેલેન્ડરો (પંચાંગો) છપાવો, ભલે જાહેર ખબરો વિશેષ પ્રમાણમાં ફેલાવવા માટે તમો તમારા તરફથી હાથીનાં કે ઉંટનાં સરઘસ કહાડો, ભલે સિનેમેટોગ્રાફના પડદાપર તમારી જાહેર ખબરો કોતરાવો, ભલે તમો આગળ પડવા માટે વૈદ્યોનાં સંમેલનોમાં મોટાં મોટાં ભાષણો કરો, અગર સભાઓને ગજાવી મુકો અને યુરોપ અમેરિકાની છેલ્લામાં છેલ્લી ઢબ મુજબ સેંકડો રસ્તાદ્વારા લોકોની નજરે ચડો, પણ જ્યાં તમો રહેતા હો તેજ ગામના અને તેજ પોળના લોકો માંદા થાય કે દોડીને તમારી પાસે જ્યાં લગી આવે નહિ, અને પાંચ માણસો ભેગા મળે કે તમારા નામની વાહવાહ બોલે નહિ, ત્યાં સુધી વૈદ્યોનું વૈદ્યપણું વૃથા છે.—

નકલીઆ વૈદ્યો અને બનાવટી માત્રાઓ.

ઉપર વર્ણવેલું નિશાન દરેક સાચા વૈદ્યે રાખવું જોઇએ, તેને બદલે આજકાલ થોડી મહેનતે જૂઠી દવાઓ બનાવી દુનિયાને શી રીતે છેતરવામાં આવે છે, તેનું કેટલુંક રહસ્ય નીચે જણાવવામાં આવ્યું છે, જેથી કરીને ભોળા લોકો વાકેફ થાય, અને નકલીઆ વૈદ્યોના ફાંસામાંથી બચવા પામે. શાસ્ત્રોમાં ઉંચી અને વિધિપૂર્વક બનાવેલી દવાઓનાં વખાણ કરેલાં છે, તેની નકલ નીચે પ્રમાણે કરવામાં આવે છે. દાખલા તરીકે સુવર્ણ ચંદ્રોદય જેમાં સોનું આવે છે, તેની નકલ આ પ્રમાણે થતી અમારા જાણવામાં આવી છે, માટે આ બાબત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. એક લાંબા મોઢાનો શીશો લઇ તેમાં બેથી

અઢી રૂપીઆનો શેર હીંગળો ગાંધીને ત્યાંથી લઇ તેને ખાંડીને પેલા શીશામાં ભરવો. શીશાને ચીકણી માટીમાં બોળી આસપાસ કપડું લગાવી સુકવ્યા પછી તે શીશાની આસપાસ છાણાં ગોઠવી તેનું મોઢું બહાર રાખવું. અને તે મોઢા ઉપર એક ગોળ ઠીકરી મુકવી જ્યારે જ્યારે ઠીકરી ઉપાડવી હોય ત્યારે ઉપાડી શકાશે. છાણાં સળગાવવાથી શીશો તપશે, અને તેના મ્હોમાંથી ધુમાડા નીકળશે. શીશાને મ્હોડે **લાંબી નળીઓમાં** હીંગળો જામવા મંડશે તેનું મ્હોડું બંધ થઇ જતું હોય તો છત્રીની સળી જેવી એક લોઢાની સળી અવાર નવાર ખોસ્યા કરવી. સળી ખોસ્યા પછી પાછી ઠીકરી બરાબર મુકી દેવી. આવી રીતે કરવાથી ચંદ્રોદયની નકલ બને છે. નકલીઆ વૈદ્યો ભોળા લોકોને ચમક ચમક કરતી નળી બતાવે છે, અને કહે છે જે અમો મોંઘામાં મોંઘો ચંદ્રોદય તમોને આપી દઇએ છીએ, પણ લોકોએ જાણવું જોઇએ કે આ કાચો હીંગળો છે. ચોખ્ખી, પ્રાણઘાતક, નુકસાનકારક ચીજ છે. ભોળા લોકો થોડા ખર્ચના લોભમાં આવી રીતે મૃત્યુની પ્રસાદીરૂપ રસાયણ લે છે. સાચા સુવર્ણ ચંદ્રોદયમાં લીલા કપાસનાં જીંડવાનો રસ મણ ૧) થી ઉપર હીંગળોકને ઘુંટી ઘુંટીને પાઇ દેવો જોઇએ છીએ, તે સિવાય સુવર્ણ નાંખી કેટલીક વનસ્પતિઓની ભાવના આપવી જોઇએ છીએ, અને આયુર્વેદની આ મહાન સર્વોત્તમ ચીજ બનાવવા માટે શાસ્ત્રો ભણેલ વૈદ્ય, અને પરંપરાથી ચાલતી આવેલી પ્રણાલિકા, અનુભવ, અને વિદ્વાન ગુરૂઓનું શિક્ષણ આ સર્વ બાબતો હોય, ત્યારેજ સાચી દવા બની શકે છે.

હવે બીજો દાખલો હિરણ્ય ગર્ભ રસનો છે, અને ઉપર લખેલી બાબત કરતાં પણ તે વિશેષ મહેનતનું કામ છે. આ બાબત કેવળ

શબ્દોથી સમજાવી શકાય તેવી નથી. દસ તોલા ગંધક અને દસ તોલા પારો ભેગાં કરી ખરલ કરવાથી કજ્જલી થઇ જાય છે, તે ભુકાને બારીક કપડામાં નાંખી પોટલી વાળે છે, અને દોરાથી બાંધી લે છે. પછી બીજો અચ્છેરેક ગંધક લઇ તેને પીતળના વાડકામાં નાંખી ગરમ કરે છે, અને ગંધકનો રસ થયા પછી તે પોટલી અંદર મુકી દે છે. તે પોટલીની કજ્જલીની અંદર સોનાનાં ખોટાં પાનાં નાંખેલાં હોય છે, એટલે અંદર હિરણ્ય ગર્ભની ગોળી સખ્ત જામી જાય છે. ઠંડુ થયા પછી કાઢી લે છે. પછી ઘસીને ઘી ચોપડી રાખી મુકે છે, અને ભોળા લોકોને કહે છે જે આવી હિરણ્ય ગર્ભની ગોળી અમારે હાથ લાગી છે. તે ગોળી ચાર આઠ આનાની કીંમતમાં મળતી હોવાથી બિચારા ભોળા લોકો આ પ્રાણઘાતક રસાયણ પૈસાના લોભમાં લે છે.

ત્રીજો દાખલો માણેક રસનો છે. અભ્રકના બે મોટા કકડા લેવા, તેમાંના એક કકડા ઉપર હડતાલની નાની કકડીઓ મુકવી, અને તેના ઉપર બીજો અભ્રકનો કકડો મુકવો. પછી તેને સળગેલા પાશેર અચ્છેર અંગારા પર મુકી તે અભ્રકનાં પાનાં મુકવાં, એટલે થોડીવારમાં તે હડતાલનો રસ થવા માંડશે, અને નજરે જોતાં રતાશ પકડશે, ત્યારે ચીપીઆ વડે ધીમેથી ઉતારી લેવું. તે ઠરી ગયા પછી ચોખ્ખાં માણેકના જેવા ચકચકતા કકડા ઉખેડી લેવા. આ પણ એક ચોખ્ખી પ્રાણઘાતક ઠગાઇ છે, અને પૈસાના લોભમાં તણાઇ આવી નુકસાનકારક ચીજો ખાઇ મૃત્યુવશ થવું પડે છે. તેવીજ રીતે સહસ્ત્રપુટી અભ્રક, લોહ-ભસ્મ, બંગભસ્મ, રૌપ્યભસ્મ, વિગેરે વિગેરેમાં નકલીઆઓ આવી રીતે ઠગાઇ કરે છે, અને ભોળા લોકો તેનો સામટો જથો જોઇ લલચાય છે. માટે તમારે ખરેખર સુખી થવું હોય તો હમેશાં ચેતતા

રહેવું અને તપાસ કરવો કે આ માણસ કાંઇ સંસ્કૃત ભણેલ છે, અગર એના બાપ દાદાઓ કાંઈ ભણેલા હતા. આ વૈદ્યનો ધંધો પરંપરાથી ચાલતો આવેલો છે, અથવા પોતે કોઇ વિદ્વાન વૈદ્ય પાસે અભ્યાસ કરેલ છે કે નહીં, તે તેની જુબાનજ કહી આપશે. વૈદકના ધંધા માટે ખાસ સંસ્કૃત વિદ્યા જોઇએ, પણ આવા નકલીઆ વૈદ્યોને તો પૂરી ગુજરાતી ભાષા પણ આવડતી નહીં હોય, માટે ઠેકાણે ઠેકાણે પાટીઆં લગાવી બેઠેલા નકલીઆ વૈદ્યોથી તેમજ કેટલાક દેશી પરદેશી હિંદુસ્તાનીઓ આવી નકલી દવાઓનો ખાસ વેપાર કરવા નીકળે છે, તેમનાથી ઠગાવું નહીં—આ એક સુખી થવાનો સંદેશો છે.

વિલાયતી દવાઓનાં કહેવાતાં કેટલાંક ભોપાળાં.

આવી જાતની ઠગાઈ માત્ર હિન્દુસ્તાનમાંજ નહિં, પણ યુરોપ, અમેરિકા, આસ્ટ્રેલીઆ વિગેરે બહુજ સુધરેલા કહેવાતા દેશોમાં પણ પેટન્ટ દવાઓને નામે ઘર ઘાલીને બેઠેલી છે. તેનાં ભોપાળાં વિષે મી. એન. જે. બલસારાએ અંગ્રેજીમાં એક નાનું પુસ્તક બહાર પાડ્યું છે તેની શરૂઆતમાં તેઓ મી. બર્નાર્ડ શ્રેસનો અભિપ્રાય નીચે મુજબ ટાંકે છે:—

" લગભગ ૫૦) વરસ ઉપરાંતથી આસ્ટ્રેલીઆ તથા ન્યુઝીલાંડની ભૂમિ પેટન્ટ દવા વેચનારાઓ માટે મજાનો શિકાર મેળવવાનું ક્ષેત્ર થઇ પડી છે, કેમકે તેઓ પોતાના બુરા ધંધામાં સ્વતંત્રપણે પોતાનાં ભોળાં ગ્રાહકોની તંદુરસ્તી બગાડવામાં અને ખીસાં તોડવામાં ખૂબ ફાવ્યા છે. તેમની સામે પ્રજા જનોમાં છુટો છવાયો સહેજસાજ પોકાર થઇને રહી જાય છે, અને માત્ર ૪૦) લાખની વસ્તીવાળા નવા દેશમાં ૧૯૧૨ ની એકજ સાલમાં ગ્રેટબ્રિટન તથા અમેરિકાથી

૩૬ લાખ રૂપીઆ ઉપરાંતની પેટન્ટ દવાઓ આવી. અને માત્ર ૯ લાખથી પણ ઓછી વસ્તીવાળા ન્યુઝીલાંડમાં આઠ લાખ રૂપિઆ ઉપરાંતની દવાઓ આવી. " પેરૂના " નામે દવામાં ૪૨ ટકાથી વિશેષ શરાબ દારૂ પડે છે.

" લિકોઝોન " નામની દવામાં ૯૯ નવાણું ટકા પાણી અને સલ્ફ્યુરિક એસિડની માત્ર ગંધ હોય છે; અને બ્રોમો સેલ્ટઝરમાં હૃદયને કમતાકાત કરી દેવાના ગુણ હોય છે. મગજનો થાક ઉતારનારા સીરપ અને પાઉડરો, જેમાંના એકેજ મ્યુરેલનો ઝેરો વિષે નિબંધ " માં જણાવ્યા મુજબ ૧૫૦૦૦૦ બાળકોના જીવ લીધા છે, તેવી દવાઓ બચ્ચાંઓને ચુપ રાખવા માટે ખુલ્લી રીતે અપાય છે. અંજીરના સીરપોમાં તે ઉત્તમ ફળનું નામનિશાન પણ હોતું નથી, પણ પેપરોમાં એટલી બધી હીંમતથી આગળ ધકેલવામાં આવે છે, કે આજની સુધરેલી દુનિઆને તે જીભને ટેરવે ચડી જાય છે, અને પછી જથાબંધ ખપે છે. ખાસ પાર્લામેન્ટના સભાસદ ડૉક્ટર કારટી સેલમન જણાવે છે કે બચ્ચાંઓના તથા માંદાંઓના ખાસ પુષ્ટિકારક કહેવાતા ખોરાકો ઉલટા તેમને ભૂખે મારી નાંખે છે. એટલે કે તે પચાવવામાં તેમને એટલો બધો શ્રમ પડતો કે તેથી ઉલટાં શરીર ક્ષીણ થઇ જતાં, અને જલદી મરણ નજદીક આવી પહોંચતું, અને સેંકડો બાળકોને તેમનાં બાપાપોના અજ્ઞાનથી પેટન્ટ દવાઓરૂપી એક તરેહનું ઝેરજ ખવરાવવામાં આવતું. એમ કહીએ તો તેમાં લેશ માત્ર અતિશયોક્તિ નથી. કદાચ એકાદ સાચો મનુષ્ય ખરેખરો ઉપયોગી ખોરાક શોધી કહાડવાને મથતો હશે, પણ તેને બદલે આવા હજારો નિર્દય નકલીઆ કેવળ સ્વાર્થ સાધવાને માટે કેવળ ઝેરરૂપી કૃત્રિમ (બનાવટી) ખોરાકો

વેચવાને માટે બજારોમાં આગળ પડવા માંડે છે. આવાં કપટની ખાત્રી માટે નીચેનો એકજ દાખલો બસ થશે. આસ્ટ્રેલીઆની એક જાણીતી પેઢી જવનું એક પ્રકારનું સત્ત્વ જે નિર્બળને બળપ્રદ ગણાય છે, તે "અમારી અમુક દવામાં પુષ્કળ છે" એમ વારંવાર પ્રસિદ્ધ કરતી હતી, પણ સરકારી તપાસમાં માલમ પડયું કે તેમાં તો જવનું નામ નિશાને નહોતું, ત્યારે તે લોકોને પુછતાં માલમ પડયું કે તેતો જાણી જોઇને એમ છપાવવામાં આવતું હતું ! !

લોકોઝોનનાં નામની કંપનીને ઇંગ્લાંડ અને અમેરિકામાંથી કહાડી મુકવામાં આવી, ત્યારે તે આસ્ટ્રેલીઆમાં પેઠી. ૧૯૦૫ ના જુન મહિનામાં તે દવાથી બાળકો મરી ગયાં, તેની તપાસમાં જુબાની આપતાં તેના મેનેજરે જણાવ્યું કે કેનેડા અને યુનાઇટેડ સ્ટેટ્સમાં આજ લગી અમોએ એક કરોડ બાટલીઓ ખપાવી છે. લંડન ઇસ્પીતાલનો ડાકટર થ્રેશ કહે છે કે આ દવામાં કેવળ અશુદ્ધ ગંધકનો એસિડ છે. સાન ફ્રાનસિસકો શહેરનો તન્દુરસ્તી ખાતાંનો વડો ડો. મેસન કહે છે જે લિકોઝોનમાં માત્ર ઓકિસજન (વિષ્ણુપદામૃત–પ્રાણ વાયુ.) અને ઓઝોન નામના વાયુ છે, એમ કહેવામાં આવે છે, પણ ખરૂં જોતાં તે એક ખટાશ-યુક્ત પાણી છે જે ગટરો, પેસાબખાનાં અને તબેલા ધોવાના કામનું છે, તે બિચારાં મનુષ્યોને ભારે ખરચે આ કંપની તરફથી પીવડાવવામાં આવે છે ! !

"પિત્ત નાશક કડોળ" (બાઇલ–બીન્સ) નામની દવાને જગ જાહેર કરવા માટે તેના મેનેજરોએ ૪૫ લાખ રૂપિઆ ખરચી આઠ કરોડ ત્રીશ લાખ ચોપાનીઆં છપાવેલાં હતાં, તેનું ભોપાળું જણાવતાં ન્યાયાધીશ લૉર્ડ અર્ડ વૉલ લખે છે કે આસ્ટ્રેલીઆની વનસ્પતિમાંથી

આ દવા શોધી કહાડનાર ચાર્લ્સ ફૉર્ડ નામનો કોઇ મનુષ્યજ નથી! તેનું ખરૂં નામ ફુલર્ટોર્ડ છે. તે કાંઇ સાયન્સ ભણ્યો નથી! અને આ દવા આસ્ટ્રેલીઆમાં નહીં, પણ અમેરિકામાં બનાવવામાં આવે છે! માટે આ સાહસ કેવળ ધૂર્તતા, ધૃષ્ટતા અને જાહેર ખબરો રૂપી પાયા-પર રચાયેલું છે!!

તેવીજ રીતે દુનિયામાં મશહુર થયેલી ડોકટર મોર્સની "ઇન્ડીયન મૂળીયાંની ગોળીઓ"થી કેટલાક લોકો ભરમાયા હશે કે ખરેખર તેમાં એવી કોઇ અપૂર્વ ચીજ નાંખેલ હશે, પણ સીડની શહેરમાં ચાલેલા કેસ પરથી માલુમ પડ્યું કે તે તો તદન સાધારણ અમેરિકાની કેથાર-ટિક ગોળીઓ હતી, અને તેવી લાખો ગોળીઓને આસ્ટ્રેલીઆમાં ફક્ત નામ બદલીને વેચવામાં આવતી હતી.

"એકવામીએલ" છાતી પહોળી કરનાર નામની દવા વિષે ડા. સૅલમન કહે છે કે તેમાં માંસવર્ધક જરા પણ ગુણ નથી, અને મેકિસકો દેશના અમુક છોડમાંથી તે બનાવાય છે, તે વાત તદન જુઠી છે, પણ તેમાં માત્ર ૯૭ ટકા પાણી, ૨ ટકા દારૂ અને રાખ, સાકર, કડવી ચીજો અને સૅકરિન છે!!

શરીરનો રંગ અને કાંતિ વધારવાની ખુબસુરતીની એક દવામાં ઝેર કોચલું વિશેષ પ્રમાણમાં હતું, તેથી પાસે બેઠેલું ૨॥ વર્ષનું બચ્ચું તે ખાઇને મરી ગયું, પણ તે વાપરનાર માની જાણુને માટે તે દવા બનાવનારે સહેજ ઇશારો સરખો પણ છપાવેલો નહીં, કે તેમાં ઝેરી ચીજ છે!! ચિકાગો શહેરમાં બનાવવામાં આવેલી "ડોકટર કિંગની ક્ષય રોગની દવા" જેને ૧૯મા સેકાની મોટામાં મોટી શોધ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે, તેમાં માત્ર ક્લૉરોફૉર્મ અને મોર્ફીઆની

મેળવણી છે. તેને માટે મી. ઍડેમ્સ કહે છે કે "ક્લૉરોફૉર્મ ઉધરસને દુંક મુદ્દત માટે શમાવે છે, જેથી કરીને ફેફસાંમાંથી મૃત પદાર્થ (સડેલી ચીજો) બહાર ફેંકી દેવાના કુદરતના પ્રયત્નને દાબી દેવામાં આવે છે; અને મૉર્ફાઇન (અફીણનું સત્વ) બિચારા દરદીને સહેજ આનંદની લહેરમાં નાંખી તેની ખરી સ્થિતિ ભૂલાવે છે. આ બંને દવાના મિશ્રણથી તેને નિયમસર વાપરનાર દરદીના દહાડા જલદી પૂરા થાય છે, ને તે વહેલો રામશરણ પહોંચે છે."

આવી આવી જીવલેણ પેટન્ટ દવાઓમાં અમેરિકન પ્રજા દરસાલ ૩૦,૦૦,૦૦૦ ત્રીસકરોડ રૂપિઆ ખરચે છે. એક લેખક જણાવે છે કે ધૂર્તતારૂપી પાયા ઉપર વ્યાપારની ઇમારત ચણેલી છે; અને અજ્ઞાન તથા ભોળાંઓની આશારૂપી બજારમાં તે ખપી જાય છે. (પાનું ૧૬)

માથું દુઃખતું મટાડવાના પાઉડરો (ચૂર્ણો) માં અમેરિકામાં સૌથી પ્રસિદ્ધ ઑરેન્જીન નામે છે. તેના માલેકો કહે છે કે અમો તેમાંની બધી ચીજો લેબલ ઉપર છાપીએ છીએ, માટે તેમાં કશું છુપું નથી, પણ મી. ઍડેમ્સના કહેવા પ્રમાણે તે છુપુંજ ગણાય, કેમકે તેમાં મુખ્ય ચીજનું નામ "એસેટૅનિલિડ" આપેલું છે, તેનો અર્થ શું તે જાહેર પ્રજાની તદન અજાણમાંજ છે. તે દવાનું નામ ઑરેન્જીન છે, પણ તેમાં નારંગીનું નામે નથી. માત્ર તેને ચોટાડવાના કાગળો અને ભરવાની પેટીઓના ઉપર નારંગીનો રંગ છે!! આ "એસેટિનિલિડ" નામની અજાણી ચીજથી લોહી પાતળું પડે છે, હૃદયમંદ પડી જાય છે, અને છેવટે આખું શરીર ક્રમે કરીને નકામું બની જાય છે, છતાં આ ધૂર્ત વેપારીઓ ઉલટાજ શબ્દોમાં કહે છે કે અમારી દવા હૃદયને મજબુત બનાવે છે, ને લોહીને વધારે શુદ્ધ કરે છે—જે વાત સત્યથી કેવળ

વિરૂદ્ધ છે. મી. એડેમ્સ નામ ઠામ સહિત ૨૨ બાવીશ કેસો જણાવે છે, જે સઘળા આ ચીજવાળી દવા લેવાથી મરી ગયેલા. તેનો પોતાનો એક મિત્ર હૃદય નબળું હોવાથી સારક ગુણવાળું બ્રોમો કિવનાઇન લઇને એક અઠવાડીયા લગી મરવા પડયો હતો.

વળી કેટલીક શક્તિની દવાઓમાં દારૂનું પ્રમાણ એટલું મોટું હોય છે કે તેથી કરીને કેટલાક બિચારા ભલા માણસો, ભલી બાઇઓ અને નિર્દોષ બાળકો પરિણામે પોતે નહીં જાણતાં છતાં દારૂડીઆં બની જાય છે. એક વખત એક આબરૂદાર પાદરી માંદો પડયો, ત્યારે તેના ડાકટરે જણાવ્યું કે તેને અસાધ્ય મદ્યરોગ (chronic alcoholism) થયેલ છે, પણ તે બિચારો કહે કે મેં જીંદગીભરમાં દારૂનું ટીપું સુદ્ધાં મોઢે અડકાડયું નથી ! ! ખરી વાત એવી હતી કે તેના મિત્રે તેને જે શક્તિની દવાની ભલામણ કીધેલી, તેમાં દારૂનું મોટું પ્રમાણ હતું.

તેવીજ રીતે મદ્ય નિષેધક મંડળીના સ્તંભરૂપ ગણાતી એક કુલીન બાનુ પોતાના ભાઇ દારૂડીઓ (શરાબી) હોવાથી વારંવાર તેને ઠપકો અને ઉપદેશ આપતી હતી, પણ એક વખત તે ભાઇને માલમ પડયું કે દારૂને ખરેખરા દિલથી ધિક્કારતી પોતાની બહેન બિચારી પોતેજ પેટન્ટ દવાના પ્રતાપ વડે દારૂની બુરી લતનો ભોગ થઇ પડી હતી ! !

અજાણી વિદેશી દવાઓની શુદ્ધિ—અશુદ્ધિ બાબત મોટા યુરોપીઅન દાકતરોના અભિપ્રાય.

ડાકટર એચ. સ્નો, એમ. ડી: લંડનની કેન્સર (પાઠાની) ઇસ્પીતાલના મુખ્ય સર્જન લખે છે કે—કેટલાંક વરસો પહેલાં બજારમાં

“ક્લૅારેલમ” નામની દવા મળતી હતી. હું મારા ઇસ્પીતાલના દરદીઓને કોગળા કરવા માટે તે લખી આપતો હતો. દશ બાર વરસ મેં તેને વાપર્યા પછી એકદમ તમામ દરદીઓનાં મ્હોંમાં દાહ થવા લાગ્યો, તેથી મેં તે બંધ કરી. અને તપાસ કરતાં જણાયું કે તેનો મૅનેજર બદલાયો હતો, તેણે પ્રમાણોમાં ફેરફાર કરી બચેલી રકમ ખીસામાં મુકી હતી. જો મારી ખાનગી પ્રૅક્ટીસ હોત, તો ખરેખર મારી આબરૂને આવી દવાથી ધક્કો પહોંચત !!

વળી તેજ ગૃહસ્થ જણાવે છે કે સોડા, બીસમથ, સૅલિસિલિક ઍસીડ, ક્લૉરલ હાઇડ્રેટ, મોર્ફીઆ, કૉકેન, ક્વિનિન, પોટાસ્યમ, આયોડાઇડ, ફેનેસીટીન, ફીનોઝોન, કેલોમેલ, ગ્લીસરીન ઇત્યાદિ નિત્યની વપરાશની દવાઓનું પૃથક્કરણ કરીને તે સઘળી શુદ્ધ છે કે અશુદ્ધ છે, તે ભાગ્યેજ કોઇ દહાડો તપાસવામાં આવે છે. માંચેસ્ટરના ડાક્ટર રેનોલ્ડસે એક પ્રકારની લોહભસ્મ (રીડયુસ્ડ આયર્ન) તપાસી જોઇ, તેમાં લગભગ એક ટકા જેટલો સોમલ માલમ પડ્યો. મેસર્સ નેલર અને ચૅપેલે ૯૬ છન્નુ ઔષધો તપાસ્યાં, તેમાંથી ૫૮ અઠ્ઠાવનની અંદર થોડો કે ઘણો સોમલ હાજર હતો !!

ડાક્ટર સ્નો જણાવે છે કે મને એક દિવસ શુક્રવારની રાત્રે ઉંઘ ન આવવાથી મેં સલફોનલ નામનું સુપ્રસિદ્ધ અને નિત્ય વપરાતું ઓસડ લીધું, તેથી મને ઉંઘ તો આવી, પણ કેમે કરીને ઉઠાયજ નહીં ! છેક આવતા સોમવાર લગી એટલે કુલ બે દિવસ ને ત્રણ રાત્રિ લગી હું જાગ્રત નિદ્રામાં પડી રહ્યો—એક પ્રકારનો ભયંકર ઓથાર—ભૂત મારા મગજમાં પેઠેલું તે નીકળેજ નહીં !! જો આ દવા મેં મારા કોઇ દરદીને આપી હોત, તો ખરેખર મારા ભોગજ મળત !!!

મી. ચાર્લ્સ અમને નામે ગૃહસ્થ પાર્લામેન્ટે નીમેલી ખોરાકના સેળભેળ વિષેની ખાસ કમિટીના રિપૉર્ટમાં જણાવે છે કે "હું ઘણી વેળા ઓષધોનાં લીલામ વખતે બેસું છું...તેમાં દલાલોનાં લિસ્ટોમાં લખ્યા મુજબ તે ઓસડીયાં (પ્રમાણુસર) હોતાં નથી, અને વેચનારા દલાલો બેદરકારીથી તે વેચી મારે છે. આવી રીતે કાયદાના અટકાવ વિના ઘણી નુકસાનકારક ચીજો વેચાઇ જાય છે."

બીજા રિપૉર્ટમાં મી. ઑટો હેહનર કહે છે જે ઓસડીયાંની પરીક્ષાનો આખો વિષય ગોટાળા ભરેલી હાલતમાં છે, અને તેની શુદ્ધતાને માટે કાયદાથી નક્કી થયેલું કોઇ ધોરણજ નથી.

મી. જી. સી. મૂર નામે મોટો અધિકારી જણાવે છે કે અંગ્રેજી ફાર્મા કોપિઆમાં મોર્ફાઇન માટે જે બહુજ ઓછું ધોરણ સ્વીકારેલું છે, તેથી કરીને અફીણના જેવી અત્યંત ઉપયોગિ અને જરૂરીઆતની દવામાં તમામ જાતનો ભેળ થવો સહેજ છે, અને કદાચ તેમાં ભેળવેલી ચીજોમાં ઝેરી જાતની વનસ્પતિઓ હોવાનો સંભવ છે."

આવાં આવા હજારો દાખલા આપી શકાય, પણ ઉપર જણાવેલા તદ્દન બસ છે, એમ ધારી હવે આપણે પેટન્ટ દવા બનાવનારા કેવળ હલકી ચીજો નાંખી કેવા સજ્જડ ભાવ લે છે, તે વિષે બે બોલ કહીએ તો ગેરવાજબી નથી.

મનીયનની ખાંસીની ગોળીઓ ૧૭ ની ડબી એકની કીંમત ૧ શીલિંગ છે, જ્યારે તેની મૂળ કીંમત $\frac{1}{20}$ પેન્સ છે, એટલે ૨૪૦ ગણી કીંમત થઇ.

"ટયુબર કયુલોઝાઇન" નામે અમેરિકામાં બનાવવામાં આવતી ક્ષયરોગની દવા જેમાં રંગીત પાણી સિવાય બીજું કશુંયે નથી, તેની

કીંમત એક માસને માટે અઢી પોંડ એટલે ૩૨ાા રૂ. લેવામાં આવે છે ! ! અને બિચારા ધરાકને ફાયદો ન જણાય છતાં વારંવાર તેને દર માસે કહેવામાં આવે છે કે તમારો કેસ બહુ ભયંકર છે, માટે ફાયદો તાત્કાલિક જણાતો નથી, તેથી ઘણા મહિના લગી તમે તમારા સંપૂર્ણ શરીરમાં રગેરગે આ ઉત્તમ (પાણીરૂપી) દવાને પ્રસરી જવા દો ! !

આથી કરીને દરદીઓ તરત સાચી સલાહ લેતા અટકે છે, ને તેમનું દરદ વધતું જાય છે, જે પાછળથી સુધરવું મુશ્કેલ છે.

મધુ પ્રમેહમાં જેમ બને તેમ સાકરવાળા અથવા ટુંકામાં મીઠાશવાળા તમામ ખોરાકો બંધ કરીને તેને બદલે બીજા માફક આવે તેવા ખાસ ખોરાકો તૈયાર કરવાને બહાને બહુજ ધતીંગો ચાલે છે. ઈ. સ. ૧૯૦૫ ની આખરે મેશર્સ વૉર્નરની કંપનીમાં વેચવામાં આવતા મધુ પ્રમેહના ખાસ ખોરાકમાં તપાસી જોતાં કેવળ સાધારણ ઘઉંનોજ લોટ માલમ પડ્યો હતો ! !

ફિક્કા પડી ગયેલા માણસો માટે વિલ્યમની ગુલાબી (પિંક) ગોળીઓ—આની ૩૦ ગોળીની કીંમત ૨ાા પોણા ત્રણ શિલિંગ છે, ને બનાવવાનું ખર્ચ પેન્સનો દશમો ભાગ છે એટલે મૂળના કરતાં ૩૩૦ ગણી કીંમત લે છે ! !

દેશી વનસ્પતિઓનો ચમત્કાર.

આર્યભૂમી કહે છે કે:—"હું વનસ્પતિ અને ઔષધીની જનની છું. મારાં સંતાનોમાં મારો અંશ હોવાથી મારા અંશવાળી ઔષધી વડે જે ફાયદો થાય છે તેની આગળ બીજાં ઔષધોથી થતો ફાયદો કંઈ વિસાતમાં નથી. જ્યાં સુધી આવી વનસ્પતિઓ હયાતી ભોગવશે

ત્યાં સુધી મનુષ્યોની તંદુરસ્તી આરોગ્ય બળનો વધારો કરી દીર્ઘાયુષ્યને આપશે. ”

આજકાલ પરદેશી દારૂ મિશ્રિત પેટન્ટ દવાઓમાં ઉપર જણાવ્યા મુજબ કરોડો રૂપિયા પરદેશમાં ઘસડાઇ જાય છે. અને તે દવાઓ દરેકની પ્રકૃતિને માફક આવતી નથી, કેમકે એક તો દરેક માણસની પ્રકૃતિમાં ફેરફાર હોય છે તેથી પેટન્ટ દવાઓ અસર કરતી નથી તેમજ પરદેશની આબો હવાના પ્રમાણથી બનાવેલી દવાઓ આપણા દેશમાં ફાયદો કરવાને બદલે કોઇ કોઇ કેસમાં નુકશાનકર્ત્તા થઇ પડે છે.

આપણા ભરતખંડની અનેક વનસ્પતિઓ પુષ્કળ પ્રમાણમાં પરદેશમાં ચઢાવવામાં આવે છે અને તેને જુદું રૂપ આપી આપણને મોકલી આપવામાં આવે છે. પરદેશી દવાઓમાં જેટલો લેબલોનો, જાહેર ખબરનો મોહક ગુણ સમાયેલો છે તેટલો દવાઓનો સ્થાયી ગુણ માલૂમ પડતો નથી.

આપણા અસલી આયુર્વેદની પદ્ધતિથી બનાવવામાં આવેલી દવાઓ ભૂલી જઇ પરદેશથી આવતી આવી દવાઓને ઉત્તેજન આપીએ છીએ અને આપણા હજારો વર્ષ ઉપરના ઋષિ મુનિઓએ આપણી તંદુરસ્તીની સલામતી માટે અતિશય શ્રમ વેઠી શોધ ખોળ કરેલી છે તેવી લાભદાયી આપણી દેશી પદ્ધતિને વિસારી દીધી છે તે આપણને કેટલું બધું લજ્જાસ્પદ છે!

વિદેશી શોધખોળ કરનાર વિદ્વાનો–મોટી મોટી ડીગ્રી ધરાવનારા ડાકટરો આપણા ભરતખંડની વનસ્પતિઓ વિષે તેના ગુણના કેવા સરસ અભિપ્રાય આપે છે તેમાંની થોડીજ જાણીતી વનસ્પતીઓને ઓળખી શકીએ તેવાં નામો આપ સર્વની જાણ માટે નીચે લખ્યાં છે.

અરડુસી-ને માટે ડાકટર **વોટ** જણાવે છે જે બધા પ્રકારના કફને માટે અતિ ઉત્તમ અસર કરનાર આ વનસ્પતિ છે, અને ક્ષયને માટે હિંદુસ્તાનમાં એટલી બધી ઉપયોગી માલૂમ પડી છે કે જ્યાં સુધી **અરડુસી દુનિયા પર હયાત છે ત્યાં સુધી રોગીને નિરાશ થવાની જરૂર નથી.** કેમકે:-

वासायां विद्यमानाया माशायां जीवितस्य च ।
रक्तपित्तो क्षयी कासी किमर्थ मवसीदति ॥

તે સિવાય **સરજન જે. એફ. ડબલ્યુ મીડોઝ. બ્રીગેડ જનરલ એફ સરજન ડબલ્યુ. બેરન. સરજન પી. કીંસલી મીકોકોલ. સરજન જોન નોર્થ-સરજન મેજર રેટન વિગેરે વિલાયતના સુપ્રસિધ્ધ ડાકટરો** આ વનસ્પતિના ઉત્તમ ગુણની ઘણીજ તારીફ કરે છે.

આકડો-જે દરેક સ્થળે ઉગે છે તેને માટે **એનસ્લી, મુહદીન શરીફ, ડીમક, રૉકસબર્ગ બ્રીગેડ સરજન થારંટન (મોંગીઅર)** વિગેરે વિદ્વાનોએ આ વનસ્પતિને માટે સારાં વખાણ કરેલાં છે.

આમળાં-માટે ડાકટર **ડીમક, એપોથીકરી થોમસ વોડ. સરજન આર. ગ્રે,** ડાકટર **મેકનાફ,** ડાકટર **ઈરવીન, એનેસ્લી** વિગેરેએ આ ઓષધીના ગુણને માટે સારા અભિપ્રાય આપેલા છે.

એળીઓ-જેના વિરેચક ગુણને માટે **બ્રિગેડ સરજન જે. એમ. થારંટન (મોંગીઅર,) સરજ્યન ડબલ્યુ. બેરન, સરજન મેજર જે. જે. ઓનરેટન વિગેરે ડાકટરોએ** ઉંચા મત આપી ઘણાંજ વખાણ કરેલાં છે.

કરીઆતું–વિષે **સરજન જી. પ્રાઇસ, સરજન ડી. મીકાચી, સિવિલ સરજન સી. એમ. રસલ,** સારન વિગેરે **સુપ્રસિધ્ધ ડાકટરોએ** આ વનસ્પતિના ગુણના ઘણાજ વખાણ કર્યા છે.

ગરમાળો–જેને માટે **સરજન એટકિસન,** સરજન **એમ. પી. ડીમક, સરજન થોમસ** વિગેરે ડાકટરોએ રેચક અને કબ-જીઆતને મટાડવા માટે ઉત્તમ ચીજ માનેલી છે.

ગળો–આ વનસ્પતિના ગુણનાં વખાણ કરતાં, ડાકટર ડી. પી. **કાચી, સરજન** જનરલ **રોબ, સરજન** મેજર એચ. એફ. **હેમ-લીટ,** સરજન **આર. ડી મરે, સરજન** એફ. **ફ્રેંચ મ્યુલર,** ડબ-લ્યુ **ફોરસીથ, સીવીલ સરજન** રોસ વિગેરે **પરદેશી** ડાક-**ટરોએ** પણ આ વનસ્પતિને હિંદુસ્તાનમાં ઇશ્વરી બક્ષીસ ગણેલી છે.

પીંપર–વિષે સરજન **ઇબોરીલ,** ડાકટર **પી. કોચી,** સરજન **જોન મેકોનેકી** વિગેરેએ **ઔષધીમાં** વપરાતી ઉત્તમ ચીજનાં વખાણ કર્યાં છે.

મરી (તીખાં)–**જે** વિષે ડાકટર વૉટયુ **પેલુકડેનસ,** સિવિલ **સરજન જેમકે નોધ્રી એમ. ડી.** વિગેરે ડાકટરોએ આને દીપન પાચન તરીકે અકસીર ચીજ માનેલી છે.

લીંમડો–જેને માટે **હેમીલ્ટન, સરજન** જનરલ ડબલ્યુ. આર. કોરનીસ એફ. આર. સી. એસી. સી. આઇ. ઇ. સરજન ડબલ્યુ. એમ. એન. આઇ. **આનરેરી સરજન** એફ. એ. **મોરીસ, સરજન જી. પ્રાઇસ સરજન** ઇ. એસ. **બ્રાફર, સર-જન** ડબલ્યુ. **જી.** કીંગ એમ. **બી.** વિગેરે **પ્રખ્યાત ડાકટરો**

આના પૃથક પૃથક ગુણોની સાબીતી આપે છે અને આવી અમુલ્ય ગુણકારી ઇશ્વરી બક્ષીસથી હિંદુસ્તાન ખરેખર ભાગ્યશાળીજ છે.

હરડે—જેને માટે સીવીલ સરજન એફ. સી. પેની, ડબલ્યુ. ફોરસીથ એફ. આર. સી. એસ. સરજન મેજર એફ. ડોબસન, એફ. જી. અસ્વર્થ વિગેરે ડાકટરો તેના ઉત્તમ ગુણના વખાણ કરતાં લખે છે કે આ એક ઉપયોગી ઓૌષધીમાં વપરાતી ચીજ છે.

હિંગ—આ દરેક ઘરમાં વપરાતી ચીજથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે.

ડાકટર **ડીમક**, ડાકટર **વોટ લખે છે કે તેનામાં ઉત્તમ** ગુણોનો સમાવેશ હોવાથીજ તેને દરરોજ ઉપયોગમાં લેવા કીધું છે.

નસોતર—વિષે **આલ્સ્ટન** પોતાના મેટીરીઆ મેડીકાના પુસ્તકમાં ૫૩૦ મે પાને લખે છે કે તે મજબુત અને ગળવાળું વિરેચન છે. **વારિંગ** કહે છે કે આના મુળીઆં જેલપ કરતાં વધારે જુલાબ કરનારાં છે. **મીરન** અને **ડીલેન્સ** પણ આના છાલવાળાં મૂળો વિરેચન તરીકે આપવા માટે ભલામણ કરે છે. **રોકસબર્ગ,** ડાકટર **ગૉર્ડન** વિગેરે ડાકટરોએ પણ વિરેચક ઉત્તમ ઓૌષધ માટે સારા મત આપેલા છે.

તુલસી—અંગ્રેજી ડાકટરો આના ગુણને વિષે લખી જણાવે છે કે આ વનસ્પતિની અંદર દરેક ગુણો રહેલા છે અને ગર્ભાશય તથા મૂત્રાશયના વ્યાધિમાં અસરકારક કામ કરનાર છે. **સીવીલ સરજન સિરકોર** લખે છે કે આ વનસ્પતિના પાંદડાના રસનાં ટીપાં નાંખવાથી કાનમાં થતી વ્યથા મટે છે. **સરજન ટોમ્સ** કફઘ્ન નાશક તરીકે માને છે. **સીવીલ સરજન થોરન્ટન મોંગીર** ફેફસા તથા સળે-

ખમના વ્યાધિમાં આ એક ઉત્તમ ચીજ માને છે. **આસી. સરજન ગુપ્તે** જણાવે છે કે **સર્પદંશમાં** આનો રસ વિષનાશક તરીકે પ્રસિદ્ધ છે.

દાડમ–યુરોપીયન લખનારાઓ આના ગુણના **સંબંધમાં** જણાવે છે કે દાડમ **અને તેની** છાલ તથા ફળો દવા તરીકેના ઉત્તમ ગુણોને લીધે **ઈજીપ્ત**ની ફાર્માકોપીઆમાં માન પામેલ છે. **સરજન ડબલ્યુ. એફ. થોમ્સન આસિ. સરજન એન. એલ. બોસ, બ્રિગેડ સરજન સી. જોઇન્ટ એમ. ડી. સીવીલ સરજન જે. એમ. ફેરંટન, બી. એ. એમ. બી. સરજન જી. સી. રોસ, સરજન મેજર બીચ** વિગેરે સુપ્રસિદ્ધ ડાકટરો ક્રમીનાશક તથા અતિસારના ઝાડા, મરડા વિગેરે મટાડવામાં ઉત્તમ ચીજ માને છે.

આવી રીતે આપણો ભરતખંડ ઇશ્વરી બક્ષીસવાળી અને ઉત્તમ ગુણને આપનારી વનસ્પતીઓથી ભરેલો છે અને ભારતવાસી તથા મુસલમાની યુનાની હકીમોએ આવી જુદી જુદી વનસ્પતિઓનો ઉપયોગ કર્યો છે. અને જુદા જુદા અનેક રોગોને મટાડવાને આ અમુલ્ય બક્ષીસ માટે ઇશ્વરનો આભાર માન્યો છે તેવીજ રીતે વિલાયતી વિદેશી ડાકટરો જેમ જેમ આ દેશમાં આવતા ગયા અને આવી ચમત્કારી વનસ્પતીઓનો જાતે ઉપયોગ કરી ગુણ જોતા ગયા તેમ તેમ તેઓની વિશેષ ખાત્રી થતી ગઇ અને હીંદુસ્તાનને મળેલી ઇશ્વરી બક્ષીસ માટે ખરેખર ભાગ્યશાળી માનવા લાગ્યા. તો પછી આવી અસરકારક વનસ્પતિઓમાંથી બનાવવામાં આવતાં ઔષધો તજી બીજી વિદેશી દવાઓ વાપરવામાં કેટલું ડહાપણ સમાયેલું છે, તેનો વિચાર સુજ્ઞ વાંચકોએજ કરી લેવો.

અમારા સાંભળવામાં આવ્યું છે કે મનુષ્યોનાં મળમૂત્રમાંથી સોડા અને નાઇટર ઘણી વખત વ્યાપાર માટે બનાવવામાં આવે છે, જેથી તે સોંઘાં પડે. વિષ્ઠાને જથાબંધ એકઠી કરી તેને 'ઇનસિનેટર' નામની ભઠ્ઠીઓમાં સુક્કા તાપ વડે બાળી તે રાખમાંથી સોડા અને બીજા ક્ષાર બને છે! તથા ચૉક વગેરે પાથરી તે ઉપર પેસાબને રેડી સુકવ્યા પછી જે ક્ષારના પોપડા બાઝે છે તેને ઉખેડી લઇ પાણીમાં સાફ કરવાથી નાઇટર બને છે!

ધર્મશાસ્ત્રની સંકલનામાં ગુંથાયેલા શારીરિક તંદુરસ્તીના અગત્યના નિયમો.

પ્રાચીન ભારતના દીર્ઘદર્શી મુનિઓએ સામાન્ય પ્રજાની શારીરિક સુખાકારી સચવાય તેવા ઉમદા હેતુથી ધર્મની પ્રણાલિકામાં વૈદ્યકના અગત્યના નિયમો દાખલ કીધેલા છે, તેનું રહસ્ય નહીં સમજવાથી ઉપલક દૃષ્ટિએ જોનારા અને પોતાને વિદ્વાન સમજનારા યુવકો તેવા નિયમોને વહેમની જાળ સમજી તેમાંથી છુટા થવા માગે છે, પણ પરિણામે પોતેજ રોગોની વધારે મજબુત અને પ્રાણહારક જાળમાં ફસાય છે, માટે તેવા સાધારણ નિત્ય નિયમોનું આપણે અહીં જરા દિગ્દર્શન કરીશું:—

૧ **વહેલાં ઉઠવું**; આખી રાત્રિ ખરાબ હવાથી ભરેલા બંધ ઓરડામાંથી નીકળી બહાર જંગલમાં અડધો કોસ જઇ પુષ્કળ ખુલ્લી હવા વડે ફેફસાંને તથા તમામ શરીરને વિશુદ્ધ કરી, ઝાડે જંગલ જઇ આવી, હાથ પગ મૃત્તિકાથી ધોઇ અમુક કોગળાવડે મુખશુદ્ધિ કરવી. જેમને પ્લેગના વખતમાં ગામ બહાર ફરજીઆત રહેવું પડે છે, ત્યારે તે

લોકોને અનુભવ થયો છે કે બાળ બચ્ચાં સૌની તબીયત વધારે સારી રહે છે, ને બંધકોશવાળા લોકોની કબજીઅતની ફરિયાદ મટી જાય છે.

૨ **દાતણ**—લીલી વનસ્પતિનાં–ખાસ કરીને લીમડાનાં તથા હમેશને માટે બાવળનાં દાતણ ચાવવાથી તેનો કૃમિનાશક રસ દાંતમાં ઉતરવાથી તે વિશેષ મજબુત થાય છે, અને તેની ચીરથી જેવી રીતે જીભ પૂરેપૂરી સાફ થઇ શકે છે, તેવી સોના રૂપાની પટ્ટીથી બરોબર સાફ થતી નથી. વળી એકનું વાપરેલું બ્રશ બીજાએ વાપરવું તે ભય ભરેલું છે, તેમજ પોતે પણ હમેશાં એકનું એક બ્રશ વાપરવું, તેને બદલે બાવળના દાતણરૂપી રોજેરોજ કુદરતી બક્ષિસ તરીકે મળતું નવું નવું ટૂથ બ્રશ વાપરવું, તેમાં કેટલી મજા રહેલી છે, તે જ્યારે પરદેશમાં નથી મળતું અને પાઉડરો તથા કોયલા ઘસવા પડે છે, ત્યારેજ તેની કીંમત સમજાય છે. ઘણી વખત દાંતના સૂક્ષ્મ જંતુઓ બ્રશના વાળમાં દાખલ થાય છે, ને ખળખળતા ઉના પાણીથી તેને સાફ કરવાંમાં ન આવે તો તેમાં ભરાઇને નુકશાન કરે છે.

ઠંડે પાણીએ મ્હોડું ધોઇ સૂર્યનાં દર્શન કરવાથી ચક્ષુઓને સૂર્યનાં ઉગતાં કિરણોનો વીજળીક લાભ મળે છે.

૩ **નાહાવું**—શૌચ જઇ આવ્યા પછી કોઇ પણ ચીજને નહીં અડકવાની માન્યતાથી જલદી નહાવાની ફરજ પડે છે, અને નાહ્યા પછી શરીરનો પસીનો, દુર્ગન્ધ ઇત્યાદિ દૂર થવાથી તમામ રક્તવાહિની નસો પોતાનું કામ ઉત્સાહથી બજાવવા લાગે છે, ને આખું શરીર સ્ફૂર્તિમાં આવી જાય છે. થોડાં વરસ પહેલાં "ટાઇમ્સ ઑફ ઇન્ડીયા" માં એક આર્ટિકલ "બાથ્સ અને એમ્પાયર્સ" એટલે "સ્નાન કરનારી પ્રજાઓએજ મોટાં મોટાં રાજ્યો ભોગવેલાં છે," એવી મતલ-

બનો લાંબો મુખ્ય લેખ હતો. જે સમયમાં મહારાજા રામચંદ્રજી, ભગીરથ યુદ્ધિષ્ઠિર ચંદ્રગુપ્ત અશોક, કનિષ્ક, શ્રી હર્ષ, વિક્રમ, ભોજ વગેરે પ્રતાપી રાજાઓ થઇ ગયા, તે સમયમાં તમામ પ્રજાજનો દિવસમાં ત્રણ ત્રણ વખત નહાતા હતા, તે ત્રિકાળ સંધ્યા ઉપરથી માલુમ પડે છે. તેમજ હાલમાં જાપાની પ્રજામાં તો નાહાવાનો બેહદ શોખ છે, અસલની રોમન બાદશાહીના સમયમાં તથા ઇરાનના મહારાજ્યમાં લોકો બહુજ સાફસુફ રહેનારા અને નાહાવાના બડા શોખીન હતા. ગંદી આળસુ ને એદી પ્રજાઓએ કદી પણ ઉંચી સ્થિતિ પ્રાપ્ત કીધેલી હોય એવું દુનિયાના ઇતિહાસમાં મળતું નથી.

૪ પૂજા પાઠમાં પુષ્પોની સુગંધથી, ઘીના દીવાથી તથા અગરબત્તી, કપૂર વગેરેના ધૂપથી હવા સુધરે છે, મન પ્રફુલ્લિત થાય છે, ને ઘરનાં બાળકોનાં મગજ પર સારી અસર થાય છે. આપણું પોતાનું મન પણ ઇશ્વર ધ્યાનમાં પરોવાયાથી દુષ્ટ વિચારો તરફ વળતું નથી. પ્રાણાયામમાં ઉંડા શ્વાસ લેવાથી વધારે ઓકિસજન શરીરમાં આવે છે, ને તેને પરિણામે જીવનશક્તિ વૃદ્ધિ પામે છે. ભોજનનો સમય હમેશાં સ્નાન કરી રહ્યા પછી રાખવો એ વધારે ફાયદો કરનાર છે, કેમકે સ્નાન પ્રથમ થયું હોય તો તેથી અગ્ની પ્રબળ થાય છે અને ખોરાક લેવામાં રૂચિ ઉત્પન્ન થાય છે. આથીજ ખોરાક લીધા પહેલાં આપણા ધર્મ શાસ્ત્રમાં અગાઉથી નાહવા માટે લખ્યું છે. હમેશાં પ્રથમનું ભોજન પચી ગયા પછી પોતાને પથ્ય હોય તેવો પાચનશક્તિના પ્રમાણમાં ખોરાક લેવાથી આરોગ્યતા સચવાય છે, પણ અજીર્ણમાં ખાવાથી, અપથ્ય વસ્તુ જમવાથી પોતાની પાચનશક્તીને બગાડે છે. માટે નિયમિત રૂચિ પ્રમાણેજ ખાવું.

દરેક માણસે પોતાની આરોગ્યતા સાચવવા માટે કપડાં પહેરવા એ જરૂરનું છે. પરંતુ તે દરેક રૂતુમાં અનુકુળ હોવાં જોઇએ કે જેથી ટાઢ તડકો કે વરસાદ શરીરને બાધ કરે નહિ. કપડાં સ્વચ્છ પહેરવાથી શરીર નીરોગી રહે છે. પરંતુ મેલાં કપડાં પહેરવાથી ખરજ, ખસ કે બીજા ઉપદ્રવો ઉત્પન્ન કરી શરીરને હાનીકારક થઇ પડે છે. માટે તે સ્વચ્છ પહેરવા યત્ન રાખવો અને એટલાજ કારણ માટે ધર્મશાસ્ત્રમાં પણ હમેશાં ધોએલાં ધોતીઆં, વસ્ત્રો પહેરવાની આજ્ઞા કરેલી છે. ઉનને તથા રેશમને મેલ તથા જન્તુઓ લાગતા નથી, કેમકે તેમાં વીજળી વધારે છે, તેથી કરીનેજ ડાકટરો પ્લેગના વખતમાં રેશમી પોશાક પહેરે છે.

કપડાંને અત્તરથી કે બીજા દ્રવ્યથી સુગંધીદાર રાખવાથી ચિત્ત પ્રસન્ન રહે છે, તથા ઝેરી અને દુર્ગંધયુક્ત જંતુઓ પાસે આવતા નથી. માથે પહેરવાની પાઘડી–ફેંટો પણ સ્વચ્છ તેમજ હલકાં હોવાં જોઇએ કારણકે મગજ ઉપર વધારે ભાર મુકવાથી તેને નુકશાન પહોંચે છે.

ઘણા માણસો પગરખાં વધારે વખત ચાલે, માટે લોભથી તેમાં લોઢાની નાલો તથા વજનદાર ખીલા જડાવે છે, પણ તે બિચારા કયાંથી જાણે કે તેથી કરીને આંખની નસો ખેંચાય છે, ને આંખ તથા મગજ બગડે છે. આપણા લોકો દક્ષિણ દિશામાં માથું રાખીને સુવું તેને માત્ર વહેમ ગણે છે, પણ ડાકટર સર વિલ્યમ મૂર જેને સરકારે ફકત એક પુસ્તક લખવા માટે નામદાર સરકારે દશહજાર રૂપીઆ ઇનામ આપેલું. તેના જેવો પ્રસિદ્ધ વિદ્વાન આ વાતની પુષ્ટિમાં કહે છે કે પૃથ્વીની મહા બળવાન લોહ ચુંબકની શક્તિની ફરવાની દિશા ઉત્તરથી દક્ષિણ છે, માટે પગ તરફથી મગજ તરફ તે આકર્ષણ જવાથી જ્ઞાનતન્તુઓને નુકસાન પહોંચે છે. (પાનું. ૬૦૪)

ઉપર કહેલો તમામ વિધિ શારીરિક સુખને માટે યોજવામાં આવેલો છે અને દરેક મનુષ્યના સુખને માટે ધર્મશાસ્ત્રમાં આજ્ઞા રૂપે સુચવેલું છે. માટે કોઇ પણ જાતીનું સુખ સદ્વર્તન જે ધર્મનું અંગ છે તે પાળ્યા સિવાય મળી શકવું અશક્ય છે માટે સુખની ઇચ્છા રાખનાર દરેક મનુષ્યે આવી ધર્મની આજ્ઞાઓ પ્રમાણે ચાલવું જોઇએ.

આ નાનકડા પુસ્તકમાં જન ઉપયોગી તેમજ લાભદાયી અનેક બાબતો વાંચવાથી આપ જાણી શકશો કે આ **સુખી થવાનો સંદેશો તે એક શારીરિક સંપતિનો ભંડાર છે.** અને તે આરોગ્ય-બળ-અને આયુષ્યનો વધારો કરવામાં એક ઉત્તમ સાધન રૂપ છે. માટે આપ સુજ્ઞ જનો એક વાર આ પુસ્તક વાંચશો તો અમારો શ્રમ કંઇ અંશે ફળીભૂત થયેલો માનીશું.

ધંધાની કાર્કિર્દી.

ભોળાં મનુષ્યોને બે બોલ.

આજ કાલ દુનિયામાં ગુજરાન ચલાવવા સારૂ ચાલતી મારા મારી (Struggle for existence) માં દરેક માણસ પોતાના ઉદર નિમિત્તે હજારો પ્રયાસ કરે છે. પોતાના પેટ ભરવા સારૂ દ્રવ્ય પેદા કરવું એ એક વાત છે, અને જનસમૂહ ઉપર ઉપકાર કરવો એ બીજી વાત છે; જ્યારે જનસમૂહપર ઉપકાર કરવાની સાથે સ્વાર્થ પણ સાધવો એ બંનેથી જુદી વાત છે. પરંતુ ધંધાર્થે જનસમૂહને દગો દેવો પડે, પોતાના વિશ્વાસે બેઠેલા માણસો સાથે વાક્ચાતુરી, હાથ-ચાલાકી, દગાબાજી વાપરી તેઓના ખિસ્સા પર લાંબી કાતરો મુકવી પડે તે એક અક્ષમ્ય ગુન્હો છે, નીચતા છે, ભયંકર પાપ છે. આમ છતાં ઘણાં માણસો એ ભયંકર પાપ કર્યા કરે છે અને દુનિયા મુગે મોઢે તે વેઠયાંજ કરે છે. દરેક ધંધામાં આ પ્રમાણે ચાલતું આવે છે. આયુર્વેદથી તદન બીન વાકેફ વૈદ્ય જ્યારે જાહેર (Publicity) માં આવવા માંગે છે ત્યારે જનસમુદાયપર ઉપકાર કરવાનો ડોળ ઘાલે છે, અને તે તેના પંજામાં ધસડાઇ આવતા શિકારોને જણાયા વગર રહેતું નથી કે તેને ત્યાં ઉપકાર જેવું કશું નથી, બલ્કે ઉપકારની સુંદર સેતરંજી તળે અધમ સ્વાર્થાંધતા રૂપી ગંદકી છુપાયેલી હોય છે, વૈદ્યક વિષયમાં તદન બિન માહિત મનુષ્યોને માટે આ પુસ્તકમાં જે કાંઇ લખ્યું છે તેના ઉપર

પુરતો વિચાર કરી સારા ખોટાની પરીક્ષા કરવી અને હંસની પેઠે દુધ અને પાણી એ જુદાં પાડી પાણીને છોડી દૂધ પી લે, એજ અમારી આકાંક્ષા છે. આજ કાલ ઘણા બીન અભ્યાસી વૈદ્યો પરપોટાઓની પેઠે ઉભા થાય છે અને ફુટી જાય છે. અને એવા નકલીઆઓ આ પવિત્ર ધંધાને એબ લગાડવા ઉત્સુક થાય છે અને અજ્ઞાન વર્ગનાં ભોળાં માણસોને ભોળવી પોતાની પ્રપંચ જાળમાં સપડાવે છે તે જણાવવાને માટે આ પ્રયાસ કર્યો છે.

એક કરૂણાજનક બનાવ.

આજથી લગભગ પાંચ વર્ષ અગાઉ એક દિવસ અમો અમદાવાદના સ્ટેશનપર કામ પ્રસંગે ગએલા ત્યાં એક દયાજનક દેખાવનો મનુષ્ય મુંબઇ તરફથી આવતી કાઠીયાવાડ એક્ષપ્રેસ ટ્રેનમાં બે માણસની મદદથી ઉતરતો અમારી નજરે પડ્યો. તે મનુષ્યનું આખું શરીર નિસ્તેજ જણાતું, તેની આંખના ડોળા ઉંડા ઉતરી ગએલા, મોં લેવાઇ ગએલું, ગાલમાં ઉંડા ખાડા પડેલા, હાથની આંગળીઓ ચોળાફળીની શીંગો જેવી પાતળી અને કાળાશ મારી ગએલી, પગ રૂધિર માંસ વગર લાકડીઓ જેવા અને રબ્બરના દડા જેવા ફુલેલા–સોજા ચઢેલા જણાતા હતા. આવો બિહામણો પરંતુ દયાજનક મનુષ્ય જોવાથી તે કોણ છે અને કયાં જાય છે તથા તેને શું થયું છે તે પુછવાની જીજ્ઞાસા અમોને વ્યાજબી લાગી. ઉત્તરમાં જણાવવામાં આવ્યું જે તે એક તપોધન બ્રાહ્મણ છે અને મુંબાઇમાં નોકરી સારૂ ગએલો ત્યાંથી ગયા છ માસથી પાણી લાગ્યું છે અને **સંગ્રહણી** એટલે ઝાડાના રોગનું ભયંકર દરદ લાગુ પડયું છે. તેને મુંબાઇની ઉંચામાં ઉંચી સારવારથી તથા

દવાથી આરામ ન થવાથી તેને કલોલ-વિજાપુર લાઇનપર આવેલા કોઇ ગામના વૈદ્ય પાસે સારવાર માટે લઇ જવામાં આવે છે. અમો પોતે પણ વૈદ્ય હોવાથી આ બાબતમાં અમોને ઘણું જાણવાનું મળ્યું. સંગ્રહણીનું દરદ મુંબાઇ, કરાંચી, કલકત્તા, રંગુન વિગેરે જગ્યોએથી લાગુ પડે છે. તેમજ બદ્રીનારાયણ, ગંગોત્રી વિગેરે જાત્રાઓનાં સ્થળોમાં પાહાડોનાં ઝરણ નહેરો અને બરફ વીગેરેનાં લીલથી છવાયાં પાણી પીવામાં આવવાથી આ ભયંકર દરદ લાગુ પડે છે. આ દરદના ભોગ થઇ પડેલા દરદીઓની સંખ્યા કંઇ થોડી હોતી નથી, અને આવા ગામડાના વૈદ્યો આ કળામાં નિપુણ નથી હોતા, પરંતુ એકાદ બે કેસમાં માત્ર ફતેહ પામવાથી દરેક પ્રકારના સંગ્રહણી-રોગ અને ગમે તે સ્થિતિએ પહોંચેલા દરદને મટાડવાને ખોટો ઘમંડ રાખે છે; વળી તેઓની ઉપચાર પદ્ધતિ આયુર્વેદના નિયમથી વિરૂદ્ધ હોય છે તેથી ફાયદો થવાને બદલે ગેરફાયદો તો દેખીતોજ છે અને તે ઉપરાંત પૈસા લેવામાં તેઓ ઓછા લોભી નથી હોતા.

સંગ્રહણીના રોગનાં કારણ.

ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છની સુંદર હવામાં ઉછરેલા યુવાન માણસો ધંધાર્થે જયારે પહેલ વહેલા મુંબાઇ વિગેરે સ્થળોમાં જાય છે, ત્યારે કેળવણીના અભાવે અથવા દ્રવ્યની તંગીને લીધે તેમને બિલકુલ માહિતી હોતી નથી કે ત્યાં કેવા પ્રકારના સંજોગોમાં રહેવું પડશે. દશ પંદર રૂપિઆ જેટલું મહિને ભાડું ખરચતાં છતાં જોઇએ તેટલો સૂર્યનો પ્રકાશ મળતો નથી. બાપડી સ્ત્રીઓને ચોવીસે કલાક કાળી અંધારાવાળી કોટડીમાં રહેવું પડે છે. તાજી હવા અને કસરત તો ક્યાંથી મળે ? ખોરાક સ્વચ્છ અને ઉત્તમ પૂરતા પ્રમાણમાં મળતો નથી. ઘી અને

દુધ જેવી ઉપયોગી ચીજોમાં સેળભેળ કરવામાં આવે છે. શરીર ખમી શકે તે કરતાં વધારે હદ ઉપરાંત શ્રમ કરવો પડે છે. અત્યંત મગજનું કામ કરવાથી નિદ્રા ઓછી થાય છે તેમજ વીસી—હોટેલોમાં મેંદાની પુરીઓ, બીસ્કીટો, સડેલા લોટનાં કાચાં ભજીઆં, ટાઢા કોહી ગયલા ખોરાકને ફરીથી ગરમ કરી ખવડાવામાં આવે છે. જેથી અજીર્ણ પેદા થઇ ખોરાક પચતો નથી. વળી સ્ત્રીઓને વારંવાર જલદી બાળકો અવતરવાથી તથા બચ્ચાંને પોતે અશક્ત છતાં લાંબો સમય ધવડાવવાથી અને ઘર કામના બોજાથી આ રોગ લાગુ પડે છે. અંધારામાં ઉગેલા વનસ્પતિના છોડ, જે કુદરતી કાયદાથી સફેદ પુણી જેવા થઇ જાય છે, તેજ કાયદો મનુષ્યોને પણ લાગુ પડે છે. શુદ્ધ તંદુરસ્ત લોહીમાં સંખ્યાબંધ લાલ કણ જે દુરબીન વડે જોવામાં આવે છે તે ઓછાં થતાં જાય છે, તેથી શ્વાસ મારફત શરીરનાદરેક ભાગમાં **પ્રાણવાયુ** (Oxygen) જઇ શકતો નથી. ટુંકામાં લોહીમાં પાણીનો ભાગ વધતો જાય છે અને ખાધેલું પચતું નથી. જીભ ઉપર હોઠ ઉપર, લાલ ફુંડાળાંઓ પડી મોઢું આવી જાય છે. ઝાડો સાફ ઉતરતો નથી, બંધકોશ, નળબંધ વાયુ જેવું, પેટ કહણુ, અને ડુંટી પાસે ને કાળજામાં દુખાવો રહે છે. પછી છુટક છુટક જુદી જુદી જાતના ઝાડા થઇને **સંગ્રહણી** અથવા **ઝાડાનું** આજ લગી અસાધ્ય મનાતું દરદ લાગુ પડે છે. આપણી દેશી ભાષામાં તેને આપણે " **મુબાઇનું પાણી લાગ્યું** " એમ કહીએ છીએ.

અમોને ઉદ્‌ભવેલા વિચારો.

સંગ્રહણી (ઝાડાનો રોગ) ને મટાડવા માટે દરેક વિદ્વાન વૈદ્યો પાસે ઉત્તમ ઔષધો હોય છે તેમ અમારી પાસે પણ ઘણાં સારાં

ઔષધો હતાં. છતાં અમુક દરદ માટે ખાસ ચાંપતા—અકસીર ઉપાયો ખોળનારને જરા વધારે તસ્દી લેવી પડે છે. મગજને, પૈસાને, બુદ્ધિને અને શરીરબળને જરા વધારે કસરત આપવી પડે છે. આ ભયંકર રોગના કાળ મુખમાંથી દરદીઓને બચાવી તેમના આશીર્વાદોની સાથે અમારી આર્થિક ઉન્નતિ કરી શકીએ તોજ વૈદ્યક જીવનમાં એક વૈદ્ય તરીકેની કારકીર્દીમાં નામ કર્યું કહેવાય. એ વિચારથી અમો રાત્રી અને દિવસ **સંગ્રહણીને** જડમૂળથી નાશ કરી દરદીને અખંડ આરોગ્ય બક્ષવાના ઉપાયો ખોળવામાં અમારાં તન, મન અને ધનને પરોવ્યાં અને **मनस्वी कार्यार्थी न गणयाति दुःखं न च सुखं** એ પ્રમાણે સુખ દુઃખની લાગણીઓથી વિરક્ત બની અમારી મુરાદ બર આણવામાં અમારા ઉદ્‌ભવેલા વિચારોનો અમલ કરવા અમોએ પૂરેપૂરો પ્રયાસ કર્યો. અમોને આ વિચારો કુદરતીજ ઉત્પન્ન થયા હોય એટલે કે **સંગ્રહણી (ઝાડાના રોગ) ના ખાસ વૈદ્ય બનવા અમોને કોઈ સૂચના કરતું હોય, સુચવતું હોય એમ જણાયું અને એ સૂચનને આજ્ઞારૂપે માની લીધું.** એ ખરેખરૂં સૂચન હોય કે ગમે તે હોય પણ તે બાબતમાં મહેનત સફળ કરી શકયા અને જેણે અમને સૂચન કર્યું હતું તેના પ્રભાવે કે દૈવયોગે અમારી સદ્ વિવેકબુદ્ધિ (conscience) ને ખાત્રી થાય એવા **સંગ્રહણી (ઝાડાના રોગ) ના ઉપાયો આયુર્વેદમાંથી દોહન કરી કાઢયા.**

જાહેરાત.

હવે લોકોની જાણમાં શી રીતે આવે કે અમારી પાસે **સંગ્રહણી** માટે સચોટ ઉપાયો છે એ વિચારે અમારા મનમાં ઘર કર્યું, પરંતુ જ્યાં સુધી સંગ્રહણીના દરેક દરદીને પૂરતો આરામ ન થાય ત્યાં સુધી

એ ઉપાયને જાહેરમાં મૂકવા એ અતિશય ઉતાવળાપણું કહેવાય અને અમારૂં નામ પણ બીન અનુભવી નકલીઆ વૈદ્યમાં મુકાય. એ ઉપરથી અમે પહેલાં સંગ્રહણીના જેમ બને તેમ વધારે પ્રમાણમાં દરદીઓના કેસો હાથમાં લેવા માંડયા અને એકને સારૂં થયું કે તેણે બીજા દસને વાત કરી તે પ્રમાણે અમારી પાસે ઘણી મોટી સંખ્યામાં સંગ્રહણીના કેસો આવવા લાગ્યા. જેઓએ મોતથી બીજા સારા પરિણામની આશા નહિ રાખેલી તેઓને પણ અમારી પાસે આવેલા દરેક કેસોમાં આરામ આવ્યો છે. જણાવવું બીન જરૂરી છે કે જાહેરાત વગરજ અમારૂં નામ અમે મેળવેલી કીર્તિથી જાહેરમાં આવી ગયું અને તેથીજ જાહેર ખબર દ્વારા, હેન્ડબીલોદ્વારા, પેમ્ફલેટો દ્વારા, જાહેરમાં આવવાની ઉત્કંઠા થઇ, કારણકે અજ્ઞાનથી પીડાતા દરદીઓ ઉત્તમ પ્રકારની સલાહ અને સારવાર મેળવી શકે અને અભણ ઉંટ વૈદ્યોના હાથથી બચી પોતાનાં તન, મન, ધન તથા કુટુંબ સુખની હોળી સળગાવતા અટકે. પરિણામ એ આવ્યું કે અમારી પાસે સંગ્રહણીના કેસો લગભગ બધા આવવા મંડયા અને અમો સંગ્રહણી બાબતનો ખાસ પાકો અનુભવ મેળવવા ભાગ્યશાળી થયા.

આ સાથે જણાવવું જોઇએ કે **સંગ્રહણીની** સાથે અમે **સુવારોગ** માટે પણ ખાત્રી પૂર્વક શોધ કર્યો અને તે એવી આશાથી કે દરેક કુટુંબોમાં સુવાવડ વર્ષે, બે વર્ષે કે પાંચ વર્ષે આવે છે, અને તેમાં ઘણાખરા કેસો બગડતા જોવામાં આવે છે. જ્યારે કેટલેક સ્થળે જુદા જુદા પ્રકારના રોગો લાગુ પડે છે અને તે મટાડવા સારૂ અનેક જાતની પડીઓ પી પીને શરીરને ખરાબખસ્ત કરી નાંખે છે, અને આખરે મોતના પંજામાં પડે છે. આ ભયંકર પરિણામો અટકાવવા સારૂ પણ અમારૂં

હૃદય વારંવાર ઉછાળા મારતું અને **સુવાવડમાંથી થતા સુવારોગના** સેંકડો બલ્કે હજારો કેસો બચાવી આશીર્વાદ લેવા પરમેશ્વરે અમને વખત આપ્યો. અને આ અમારી બીજી મુરાદ પણ બર આવી.

મુંબાઈમાં અમારી બ્રાંચ.

અમદાવાદમાં અમોએ મેળવેલી આ નામનાથી અમારી યશ મેળવવાની આકાંક્ષા વધી, અને મુંબાઇની પ્રજા જેનો મોટો ભાગ અને તેમાં ખાસ કરીને સાધારણ અને ગરીબવર્ગ જે સાચા અને સારા વૈદ્યની સારવારથી **બેનશીબ** રહે છે અને જ્યાં મોટે ભાગે **સંગ્રહણી** અને **સુવારોગ** થવાની દહેશત રહે છે ત્યાંની પ્રજાના આશીર્વાદો લેવાની અભિલાષાએ ઓગષ્ટ ૧૯૨૫ થી દર રવીવારે મુંબાઇ જવા માંડયું. ત્યાર બાદ એક માસ પછી સી. પી. ટેન્કરોડ માધવબાગ સામે ચંદાવાડીમાં રીતસર દવાશાળા ખોલી. અને દર શનીવારની રાત્રીએ અમદાવાદથી નીકળી રવિવારે સવારમાં મુંબઇ આવી સોમવારની સાંજ સુધી રહી એક અઠવાડીયા સુધીની દવા દરદીઓને આપી અને દર સોમવારે રાત્રે મુંબાઈથી નીકળી અમદાવાદમાં મંગળવારે સવારમાં આવવા લાગ્યા અને તેજ પ્રમાણે હજુ પણ અમોએ દવા આપવી ચાલુ રાખી છે પણ દરદીઓની દીન પ્રતિદીન ગીરદી વધતી જવાથી અમોએ મુંબાઇમાં ભુલેશ્વર સામે ત્રીજા ભોઇવાડાને નાકે જાહેર રસ્તા ઉપર દવાશાળાનું મકાન બદલ્યું છે માટે હવેથી એ ઠેકાણે મળવું:—

મુંબાઇ અને અમદાવાદમાં.

અમદાવાદમાં લગભગ નવ વર્ષના અને મુંબાઇમાં બે વર્ષના અનુભવ પછી અમો હવે ખુલ્લી રીતે જાહેર કરવા શક્તિમાન થયા છીએ કે સંગ્રહણી અને સુવારોગના ઘણા પ્રકારના, ઊંચા, નીચા, મધ્યમ અને સાધારણ વર્ગના મોટી સંખ્યામાં અમારી પાસે કેસો આવી ગયા છે. અને તેને પરિણામે સંગ્રહણી અને સુવારોગ સંબંધમાં અનુભવ, માહિતી બારીકી અને દવા સંબંધીની જાણ અમે ઘણી મેળવી છે. સંગ્રહણી અને સુવારોગની જ્યાંથી માણસને શરૂઆત થાય છે અને માણસોને તે રોગ લાગુ પડ્યો એવાં ચિન્હો જણાય છે તથા દરદી મરણને શરણ થાય છે ત્યાં સુધીના દરદની દરેક ફિલટાતી, પલટાતી સ્થિતિઓ ઘણાજ મોટા પ્રમાણમાં અમારા જોવામાં આવી છે. અને તે દરદોની એક પણ સ્થિતિ એવી નથી રહી અને તે સ્થિતિઓમાં પીડાતા દરદીઓનો એક પણ પ્રકાર એવો નથી રહ્યો કે જે અમારા હાથ તળે ન આવી ગયો હોય. આવા મહાન લાભના પરિણામે અમોને કહેવાનું ખાસ માન છે કે આખા મુંબાઇ ઇલાકામાં સંગ્રહણી અને સુવારોગનાં દરદોમાં અમે પુરતો અનુભવ મેળવ્યો છે તથા નામના મેળવી છે. જો કે અમારી નામના રૂપી જ્યોતથી અંજાઇ ગએલા અને અમારી નકલ કરનારા બીનઅનુભવી તેમજ વૈદ્ય નામને લજાવી મારનારા બીન અભ્યાસી અભણ, ઊંટવૈદ્યો ઘણાએ જાગ્યા છે પણ સુજ્ઞ જનોએ તેવા નકલીઆઓના કહેવા પર વિશ્વાસ નહિ રાખતાં પૂર્ણ વિચાર કરવો, કેમકે:—

સત્યથીજ જગતમાં પરસ્પર ફાયદા થાય છે એ અમારૂં સૂત્ર છે.

